રાજકોર મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 247 | Dt. 18-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

કોલકાતામાં દુર્ગા પૂજાના પાવન પર્વમાં કરુણાંતિકા

પંડાલ ધરાશાયી : ૧૮ મોત, ૪૫ ઘાયલ

સપ્તમીની સાંજે ભીડના ભારે દબાણને કારણે પંડાલનો હિસ્સો તૂટી પડ્યો, ૪૫ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી અને મુખ્ય સચિવે હોસ્પિટલની મુલાકાત લીધી, ૧૮૦૦૩૪૫૫૬૭૮ હેલ્પલાઇન નંબર જાહેર કરાયો

નવી દિલ્હી, તા.૧૭

પશ્ચિમ બંગાળના કોલકાતામાં ચાલી રહેલા દુર્ગા પૂજાના મહાપર્વ વચ્ચે એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટના સર્જાઈ છે. સપ્તમીની ભક્તિમય સાંજે ઉત્તર કોલકાતાના પ્રખ્યાત ચોરબાગાન સાર્વજનિક પૂજા પંડાલમાં દર્શન માટે ઉમટેલી માનવમહેરામણની ભીડના દબાણને કારણે પંડાલનો એક મોટો હિસ્સો અચાનક ધરાશાયી થઈ ગયો હતો. આ અણધારી ઘટનાને પગલે પંડાલમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ગંભીર દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૮ શ્રદ્ધાળુઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે આશરે ૪૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃતાંક હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

પંડાલ ધરાશાયી થવાની ઘટનાની જાણ થતાં જ કોલકાતા પોલીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની ટીમો ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પૂજા આયોજકો અને સ્થાનિક યુવાનોની મદદથી યુદ્ધના ધોરણે બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. કાટમાળ નીચે ફસાયેલા તમામ અસરગ્રસ્તોને ભારે જહેમત બાદ સલામત રીતે બહાર કાઢીને તાબડતોબ નજીકની કલકત્તા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલમાં તબીબોની વિશેષ ટીમો ઈજાગ્રસ્તોની સઘન સારવાર કરી રહી છે.

મોટી દુર્ઘટનાના સમાચાર મળતા જ રાજ્યનું વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું હતું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી અને રાજ્યના મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ તમામ કાર્યક્રમો પડતા મૂકીને તાત્કાલિક કલકત્તા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. તેમણે હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનોની રૂબરૂ મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી.



મુખ્યમંત્રીએ સ્થિતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી હતી અને આરોગ્ય તંત્રને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવા માટે કડક તાકીદ કરી હતી.

દુર્ઘટનાના પગલે અનેક પરિવારો પોતાના સ્વજનોની ભાળ મેળવવા માટે વલખાં મારી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળ સરકારે તાત્કાલિક ધોરણે એક કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે અને લોકોની મદદ તથા સચોટ માહિતી પૂરી પાડવા માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૦૦૩૪૫૫૬૭૮ જાહેર કર્યો છે. તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે અસરગ્રસ્ત પરિવારો આ નંબર પર સંપર્ક કરીને પોતાના સ્વજનોની વિગતો સરળતાથી મેળવી શકે છે.

આ કમનસીબ ઘટના પર રાજકીય આગેવાનોએ પણ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ દુર્ઘટના અંગે ટ્વીટ કરીને ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે પોતાના શોક સંદેશમાં જણાવ્યું હતું કે, ''દુર્ગા પૂજાના પવિત્ર તહેવારમાં બનેલી આ ઘટનાના સમાચાર સાંભળીને હું અત્યંત દુઃખી અને સ્તબ્ધ છું. મારી સંવેદનાઓ મૃતકોના પરિવારો સાથે છે. હું તમામ ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી મા દુર્ગાને પ્રાર્થના કરું છું અને આ મુશ્કેલ સમયમાં પીડિત પરિવારોને દુઃખ સહન કરવાની હિંમત મળે તેવી કામના કરું છું.''

સાંકડા ગેટ અને અંધારાએ દુર્ઘટનાની ગંભીરતા વધારી

ઘટનાસ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓએ દુર્ઘટનાની ભયાવહતા વર્ણવતા જણાવ્યું હતું કે, પંડાલમાં દર્શનાર્થીઓ માટેના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અત્યંત સાંકડા બનાવવામાં આવ્યા હતા. તદુપરાંત, પંડાલના અમુક હિસ્સામાં પૂરતા પ્રકાશની વ્યવસ્થા પણ નહોતી. જ્યારે પંડાલનો ભાગ તૂટી પડ્યો ત્યારે અંધારા અને સાંકડી જગ્યાના કારણે લોકો બહાર નીકળી શક્યા નહોતા અને એકબીજા પર પડવા લાગ્યા હતા. આ અફરાતફરી અને ગૂંગળામણ વચ્ચે ઘણા લોકો બેભાન થઈ ગયા હતા. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે એમ્બ્યુલન્સ પહોંચે તેની રાહ જોયા વિના જ સ્થાનિકોએ કેટલાક ઈજાગ્રસ્તોને મોટરસાયકલ અને ખાનગી વાહનોમાં બેસાડીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

બાળકોને ઇન્ટરનેટથી દૂર રાખી ન શકાય : સુપ્રીમ

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળકોને તેમની ઉંમર ગમે તે હોય, ઇન્ટરનેટનો ઉપયોગ કરવાનો મૂળભૂત અધિકાર

નવીદિલ્હી, તા. ૧૭

સુપ્રીમ કોર્ટે બાળકોના ઇન્ટરનેટ ઉપયોગ અંગે એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ઇન્ટરનેટ ઍક્સેસ કરવાનો અને ઉપયોગ કરવાનો અધિકાર એ બાળકો સહિત દરેક વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે, તેમની ઉંમર ગમે તે હોય. કોર્ટે સ્પષ્ટ કર્યું કે બાળકોને ઑનલાઇન જોખમોથી બચાવવાના નામે ઇન્ટરનેટ ઍક્સેસથી સંપૂર્ણપણે વંચિત રાખી શકાય નહીં. બાળકોની સલામતી અને તેમની સ્વતંત્રતા પરસ્પર વિશિષ્ટ નથી; તેના બદલે, બાળકો બંને માટે હકદાર છે. ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે જણાવ્યું હતું કે ઇન્ટરનેટ ઍક્સેસ કરવાનો અને ઉપયોગ કરવાનો અધિકાર બંધારણની કલમ ૨૧ અને કલમ ૧૯(૧)(ફ) હેઠળ મૂળભૂત અધિકાર છે. કોર્ટના મતે, બાળકોને આ અધિકારથી સંપૂર્ણપણે વંચિત રાખવું એટલું જ ખોટું હશે જેટલું માનવું કે ચોક્કસ વયથી ઓછી ઉંમરના બાળકોને અંતરાત્મા અથવા અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અભાવ છે. સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં આ પ્રશ્ન પર વિચાર કર્યો હતો કે શું બાળકોને ઑનલાઇન જોખમોથી બચાવવા માટે ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાથી સંપૂર્ણપણે દૂર રાખવા જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે બંધારણના કલમ ૧૯(૧)(ફ) હેઠળ બાંયધરી આપવામાં આવેલી વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારમાં માહિતી અને વિચારો શોધવાનો, પ્રાપ્ત કરવાનો અને શેર કરવાનો અધિકાર શામેલ છે.

કોર્ટે ઇન્ટરનેટને વિચારો, સર્જનાત્મક અભિવ્યક્તિ અને જ્ઞાન માટે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે વર્ણવ્યું હતું. તેના મહત્વને સ્પષ્ટ કરતા કહ્યું હતું કે ઇન્ટરનેટ ફક્ત માહિતીનો ભંડાર નથી, પરંતુ પુખ્ત વયના લોકો અને બાળકો બંને માટે માહિતીની ઍક્સેસ પ્રદાન કરે છે. સુપ્રીમ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે ઘણા બાળકો માટે, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે, ઇન્ટરનેટ શીખવા અને માહિતી મેળવવાનું એકમાત્ર માધ્યમ હોઈ શકે છે. તેથી, બાળકોને ઇન્ટરનેટથી સંપૂર્ણપણે દૂર રાખવાથી શીખવા, માહિતી મેળવવા અને પોતાને વ્યક્ત કરવાની તેમની તકો મર્યાદિત થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે બાળકોને ઇન્ટરનેટની ઍક્સેસ આપવાનો અર્થ એ નથી કે તેમની ઑનલાઇન સલામતીની અવગણના કરવી. બાળકોને જાતીય શોષણ, દુર્વ્યવહાર અને અન્ય ઑનલાઇન પડકારોથી બચાવવા પણ મહત્વપૂર્ણ છે. આ સંદર્ભમાં, બેન્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને અન્ય ઑનલાઇન સેવાઓને બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રી (CSEAM) શોધવા અને દૂર કરવા માટે તેમની પદ્ધતિઓને મજબૂત બનાવવાનો નિર્દેશ આપ્યો. આનો હેતુ ઇન્ટરનેટથી દૂર થયા વિના ઑનલાઇન ધમકીઓથી બાળકોને રક્ષણ આપવાનો છે.

શિયાળા પહેલા જમ્મુ-કાશ્મીરમાં સરહદ પારથી આતંકવાદી ઘૂસણખોરીના પ્રયાસો બન્યા તીવ્ર

કૂપવાડામાં ૨ આતંકી ઠાર

નવીદિલ્હી, તા. ૧૭

જમ્મુ અને કાશ્મીરમાં શિયાળાની ઋતુમાં સરહદ પારથી આતંકવાદી ઘૂસણખોરીની ઘટનાઓમાં વધારો થાય છે. જોકે, સુરક્ષા દળોની સતર્કતાને કારણે, આવી ઘૂસણખોરીને ઘણીવાર નિષ્ફળ બનાવવામાં આવે છે. દરમિયાન, શનિવારે ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) નજીક એક ઓપરેશન દરમિયાન બે આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે સૈનિકોએ કેરન સેક્ટરના જુમાગુંડ વિસ્તારમાં કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ હતી, જેના કારણે એન્કાઉન્ટર શરૂ થયું હતું. સૈનિકોએ તેમને પડકાર ફેંક્યો હતો, જેનો જવાબ ગોળીબાર દ્વારા આપવામાં આવ્યો હતો. એક વરિષ્ઠ સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, ''કેરન સેક્ટરના જુમાગુંડ વિસ્તારમાં કલ્લાઈ નજીક સવારે લગભગ ૩:૩૦ વાગ્યે એન્કાઉન્ટર શરૂ થયું હતું. બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.''

આ પહેલા, સુરક્ષા દળોએ કુપવાડાના કેરન સેક્ટરમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. હાલમાં ઓપરેશન ચાલુ છે. કુપવાડામાં કોર્ડન અને સર્ચ ઓપરેશન દરમિયાન કેટલીક ગોળીબારનો અવાજ સંભળાયો હોવાના અહેવાલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શનિવારે (૧૭ ઓક્ટોબર) ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) નજીક સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સૂત્રોએ જણાવ્યું હતું કે સૈનિકોએ વહેલી સવારે કેરન સેક્ટરના જુમગુંડ વિસ્તારમાં શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ હતી અને ઘૂસણખોરોને પડકાર્યા હતા, જેના પછી ટૂંકી ગોળીબાર થયો હતો. હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. જમ્મુ અને કાશ્મીરમાં શિયાળાની શરૂઆત



પહેલા પાકિસ્તાન આતંકવાદીઓમાં ઘૂસણખોરી કરી રહ્યું હોવાની શંકા છે. ગુપ્તચર માહિતી સૂચવે છે કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં લોન્ચપેડ પર લગભગ ૫૦૦ આતંકવાદીઓ હાજર છે. એવી આશંકા છે કે હિમવર્ષાને કારણે પર્વતીય માર્ગો બંધ થાય તે પહેલાં આતંકવાદીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી શકે છે.

અહેવાલો સૂચવે છે કે પાકિસ્તાન નિયંત્રણ રેખા નજીક સ્થિત લોન્ચપેડનો ઉપયોગ કરીને આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી શકે છે. શિયાળા દરમિયાન ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા પરંપરાગત ઘૂસણખોરી માર્ગો બંધ કરે છે. તેથી, હિમવર્ષા પહેલા આતંકવાદીઓને ભારતીય સરહદમાં ધકેલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓએ દેખરેખ અને દેખરેખ વધુ તીવ્ર બનાવી છે. સતર્કતા વધારી દેવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર સંરક્ષણની પહેલી હરોળ ગણાતા બોર્ડર સિક્યુરિટી ફોર્સને પણ ઘૂસણખોરી વિરોધી કામગીરી વધુ તીવ્ર બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પીઓકેમાં ૫૦૦ આતંકવાદીઓની હાજરી અંગે ગુપ્તચર માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. શિયાળા પહેલાનો સમયગાળો સુરક્ષા દ્રષ્ટિકોણથી ખાસ સંવેદનશીલ માનવામાં આવે છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા પહેલા ઘૂસણખોરીના પ્રયાસો વધે છે, જે સુરક્ષા દળો માટે વધારાના પડકારો ઉભા કરી શકે છે. જોકે, સુરક્ષા દળો કડક તકેદારી રાખી રહ્યા છે.

સાંજે ૫ થી ૧૧ વીજ વપરાશ ઘટાડો

ગુજરાતમાં વીજ સંકટની આશંકા વચ્ચે લોકોને સરકારની અપીલ : ૨૯,૮૨૨ મેગાવોટની ઓલ-ટાઇમ હાઇ માંગને પહોંચી વળવા સરકારનો મોટો પડકાર

અલ નીનો, નબળું ચોમાસું અને ઘટેલું પવન ઊર્જા ઉત્પાદન મુખ્ય કારણ ગુજરાતમાં ચોમાસાની વિદાય બાદ અચાનક વીજળીની કટોકટી જેવી સ્થિતિનું નિર્માણ થયું છે

નવી દિલ્હી, તા.૧૭

ગત ૧૬ ઓક્ટોબરના રોજ રાજ્યમાં ઇતિહાસની સૌથી વધુ ૨૯,૮૨૨ મેગાવોટ (MW) વીજ માંગ નોંધાઈ હતી, જે ગત વર્ષની સરખામણીમાં ૩૬.૬% વધુ છે. આ અણધારી અને રેકોર્ડબ્રેક માંગને કારણે રાજ્યમાં વીજ સંકટની આશંકાઓ ઘેરી બની છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં, ઊર્જા મંત્રી અને રાજ્ય મંત્રીએ તમામ વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની સમીક્ષા બેઠક યોજી હતી અને વધારાની વીજળી અને કોલસાની વ્યવસ્થા કરવા માટે દિલ્હી સુધી દોડધામ કરવી પડી છે.

વીજ માંગમાં અચાનક ઉછાળા પાછળના કારણો ઓક્ટોબર માસમાં અચાનક વીજ માંગમાં થયેલા વધારા પાછળ અલ નીનોની અસર અને નબળા ચોમાસાને કારણે ઊંચું ગયેલું તાપમાન મુખ્ય કારણ માનવામાં આવે છે. તાપમાન વધવાને કારણે કૂલિંગ લોડ (એસી/પંખા) માં ભારે વધારો થયો છે. સાથે જ, નબળા ચોમાસાને કારણે ખેતીવાડીમાં પાક બચાવવા માટે પણ દૈનિક ૧૨,૦૦૦ મેગાવોટ જેટલો મોટો વીજ લોડ નોંધાઈ રહ્યો છે.

આ ઉપરાંત, પડોશી રાજ્યો અને ગુજરાતમાં ઓછો વરસાદ હોવાથી હાઇડ્રો પાવર (જળ વિદ્યુત) ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને પવનની ગતિ ધીમી પડતાં વિન્ડ એનર્જીનું ઉત્પાદન પણ ખોરવાયું છે. સાંજના સમયે વીજ માંગમાં ચરમસીમા રાજ્યમાં હાલ દિવસ દરમિયાન ૧૨,૦૦૦ મેગાવોટ સોલાર ઊર્જા (સૌર ઊર્જા) પર નિર્ભરતા છે. પરંતુ સાંજે ૫ થી રાત્રે ૧૧ વાગ્યા દરમિયાન સૂર્યાસ્ત થતાં જ સોલાર ઉત્પાદન શૂન્ય થઈ જાય છે.

બીજી તરફ, નવરાત્રિ અને તહેવારોની



મોસમને કારણે આ જ સમયગાળામાં વીજ માંગ ચરમસીમાએ પહોંચી જાય છે. આ સ્થિતિને કારણે રાજ્યમાં થર્મલ (કોલસા આધારિત) અને ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સ પર વીજ ઉત્પાદનનું ભારે દબાણ આવી ગયું છે. સરકારના ત્વરિત પગલાં અને કેન્દ્ર પાસે મદદની માંગ રાજ્યમાં વીજળીનો પુરવઠો અવિરત જાળવી રાખવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સામે મદદનો હાથ લંબાવ્યો છે.

દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને નવેમ્બરથી રોજના ૧૩ થી ૧૪ કોલસાના રેલવે રેક ફાળવવા માટે કેન્દ્રને વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત, તાત્કાલિક ધોરણે NTPC ના ફરક્કા પ્લાન્ટમાંથી ૩૭૯ મેગાવોટ અને આસામના ફાળામાંથી ૫૦૦ મેગાવોટ વીજળી મેળવવા માટે કરારો કરવા પડ્યા છે. ઓક્ટોબર માસની વીજ માંગને પહોંચી વળવા માટે ૨,૯૯૦ મેગાવોટ વીજળીનું શોર્ટ-ટર્મ ટાઇ-અપ (મોંઘા ભાવે ખરીદી) કરીને પરિસ્થિતિને થાળે પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. લોકોને બિનજરૂરી વીજ વપરાશ ટાળવા અપીલ સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં પૂરતો વીજ પુરવઠો ઉપલબ્ધ છે, પરંતુ સાથે જ નાગરિકોને રાષ્ટ્રહિત અને જનહિતને ધ્યાનમાં રાખીને સાંજે ૫ થી ૧૧ વાગ્યા દરમિયાન બિનજરૂરી વીજ વપરાશ ટાળવા માટે અપીલ કરી છે.

સરકારે નાગરિકોને તેમનો મહત્તમ વીજ વપરાશ દિવસના સોલાર કલાકો દરમિયાન જ ગોઠવી લેવા અનુરોધ કર્યો છે. નિષ્ણાતોના મતે, આ અપીલ પરોક્ષ રીતે એ બાબતનો સંકેત આપે છે કે જો ગ્રાહકો સાંજના સમયે વીજળીના વપરાશમાં ઘટાડો નહીં કરે, તો રાજ્યના કેટલાક વિસ્તારોમાં લોડ શેડિંગ કે વીજ કાપનો સામનો કરવો પડી શકે તેવી સંભાવનાઓ રહેલી છે.

ભવિષ્યમાં બેટરી સ્ટોરેજ (BESS) અને ન્યુક્લિયર પ્લાન્ટ્સના આયોજનની વાતો સરકારે કરી છે, પરંતુ વર્તમાન ઓક્ટોબર માસની વીજ કટોકટીએ સરકારના વીજ આયોજન સામે ચોક્કસપણે એક મોટો પ્રશ્નાર્થ ઊભો કર્યો છે.

ભારતના ૮ શહેરો, ૨૨ દેશમાં રોકાણ આકર્ષવા અભિયાન

ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફ્રાન્સ, જર્મની,નેધરલેન્ડ, ફિનલેન્ડ, ડેનમાર્ક, સ્વીડન, પોલેન્ડ, જાપાન, દક્ષિણ કોરિયા, વિયેટનામ, મલેશિયા, ઈન્ડોનેશિયા, સિંગાપોર, રશિયા, UAE, કતાર,ઓમાન, કેન્યા, ટાન્ઝાનિયા અને મોઝામ્બિકમાં ઈન્ડસ્ટ્રીઝ દિગ્ગજો સાથે મુલાકાત કરશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના વિકાસની વિકાસગાથાને વિશ્વ સમક્ષ લઈ જવાના ઉદ્દેશ્ય સાથે, ગુજરાત સરકારે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' (VGGS ૨૦૨૭)ની ૧૧મી આવૃત્તિ પહેલાં રોકાણ આકર્ષવા માટે વ્યાપક સ્તરે અભિયાન શરૂ કર્યું છે. ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૬ દરમિયાન, ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ અલગ-અલગ ૨૨ દેશોની મુલાકાતે જશે, આ સાથે જ ભારતભરના આઠ શહેરોમાં રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. 'વિકસિત ગુજરાત - શેપિંગ ગ્લોબલ ફ્યુચર' (વૈશ્વિક ભવિષ્યનું ઘડતર) થીમ પર આધારિત આ સમિટનું આયોજન ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાશે. સમગ્ર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના એકમ 'ઈન્ડસ્ટ્રિયલ એક્સ્ટેન્શન બ્યુરો' એટલેકે શગઉઊઝબ હેઠળ કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ના અભિયાનની શરુઆત ઓગસ્ટ ૨૦૨૬થી જ શરુ કરી દેવામાં આવી છે,મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળે ઝજઅ અને કેનેડાની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે સાન ફ્રાન્સિસ્કો, વોશિંગ્ટન ડીસી અને ટોરોન્ટોમાં ટેક્નોલોજી સાથે અન્ય ક્ષેત્રના અગ્રણીઓ, રોકાણકારો અને ઉદ્યોગ સંગઠનો સાથે મુલાકાત કરી હતી.

૩૦ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ૨૦૨૭'ના કર્ટન રેઈઝર ઈવેન્ટ દરમિયાન, ગુજરાતનામુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી આ સમિટ વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસનું પ્રતીક અને જ્ઞાનના આદાન-પ્રદાન માટેનું એક મોટું પ્લેટફોર્મ બની ગઈ છે. તેમણે કહ્યું કે, ગુજરાતે પરંપરાગત ઉદ્યોગોમાં પોતાની ક્ષમતા સાબિત કરી છે. હવે રાજ્ય ભવિષ્યના ઉદ્યોગોમાં અગ્રેસર બનવા માટે સજ્જ થઈ રહ્યું છે. અને ગુજરાત આજે આવતીકાલનું નિર્માણ કરી રહ્યું છે. ટઝઝઝ ૨૦૨૭ પ્રધાનમંત્રીના 'સપ્તધારા' વિઝનને નવી તાકાત અને ઉર્જા આપી રહ્યું છે. આ ઈવેન્ટ વિજ્ઞાન, ટેકનોલોજી આજીવિકા, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા દ્વારા યુવાનો માટે નવી તક ઉભી કરશે.

આ ઈવેન્ટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટરથી લઈને બંદરો સુધીના વિવિધ ક્ષેત્રમાં ગુજરાત રોકાણકારોની પ્રથમ પસંદગી બન્યું છે, ગુજરાત રોકાણકારો માટે છેલ્લા ૨૫ વર્ષથી રોકાણકારોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ખાતરી આપી હતી કે રાજ્યમાં કરવામાં આવેલું દરેક રોકાણ સુરક્ષિત છે અને તેની સાથ જ રોકાણ પર યોગ્ય વળતર મળવાની સંપૂર્ણ ખાતરી છે.

VGGS-૨૦૨૭ના પ્રચાર માટે મુંબઈમાં આયોજિત રોડ-શો દરમિયાન,મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારત અને વિદેશના ઉદ્યોગપતિઓ તથા રોકાણકારોને આહ્વાન કર્યું કે તેઓ ''ગુજરાતમાં આવે, ગુજરાતમાં વિકાસ કરે અને ગુજરાતની સાથે આગળ વધે.''

'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'નું આયોજન દર ૨ વર્ષે કરવામાં આવે છે. આ આયોજનની શરૂઆત અને કલ્પના વર્ષ ૨૦૦૩માં આપણાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના દ્વારા કરવામાં આવી હતી. આ સમિટની શરૂઆત થયાના છેલ્લા ૨ દાયકાથી વધુના સમયગાળામાં વિવિધ દેશના રાષ્ટ્રાધ્યક્ષો, ઈઊઘત, નીતિઓ બનાવનાર આગેવાનો, વિવિધ સંસ્થાઓ અને રોકાણકારોને ગુજરાત અને ભારતની પ્રગતિ માટે ભાગીદારી વધારવાના ઉદ્દેશ્ય સાથે એક મંચ પર એકત્રિત કર્યા છે.

ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ (ડેલીગેશન) ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફ્રાન્સ, જર્મની,નેધરલેન્ડ, ફિનલેન્ડ, ડેનમાર્ક, સ્વીડન, પોલેન્ડ, જાપાન, દક્ષિણ કોરિયા, વિયેટનામ, મલેશિયા, ઈન્ડોનેશિયા, સિંગાપોર, રશિયા, UAE, કતાર,ઓમાન, કેન્યા, ટાન્ઝાનિયા અને મોઝામ્બિકની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળ દરેક દેશમાં સેક્ટર આધારિત રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન કરશે. આ સાથે જ અગ્રણી કંપનીઓ, સંસ્થાકીય રોકાણકારો અને ઉદ્યોગ સંગઠનો સાથે વ્યક્તિગત બેઠકો કરશે. આ બેઠકની સાથે જ તેઓ ઉદ્યોગ અગ્રણીઓને જાન્યુઆરીમાં યોજાનારી VGGS ૨૦૨૭માં ઉપસ્થિત રહેવા માટે આમંત્રત પાઠવશે.

આ મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળો બહુરાષ્ટ્રીય કંપનીઓ, રોકાણકારો, સરકારી એજન્સીઓ, ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી સંગઠનો અને ભારતીય પ્રવાસી સમુદાયના સભ્યો સાથે વાતચીત કરશે. વાતચીતના આ આદાનપ્રદાનથી સમિટમાં ભાગીદારી વધારવા પ્રોત્સાહન મળશે, આ સાથે જ આ મુલાકાતોમાં એ પણ દર્શાવાશે કે કેવી રીતે ભારતે મુક્ત વેપાર કરારોનું નેટવર્ક વધાર્યુ છે. ભારતે ભારતે મુક્ત વેપાર કરારોનું નેટવર્ક વધાર્યુ છે તેમાં સંયુક્ત આરબ અમીરાત (UAE), ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, EFTA (European Free Trade Association) દેશો અને યુરોપિયન યુનિયન સાથેના કરારોનો સમાવેશ થાય છે. આ સાથે જ ડેલીગેશન રોકાણકારોને એ પણ સમજાવશે કે આ કરાત કેવી રીતે વેપાર અને રોકાણ માટે નવી તકોનું સર્જન કરી રહ્યા છે.

રોકાણની તકોનો લાભ લેવા માટે ગુજરાત એક સર્વ શ્રેષ્ઠ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. ગુજરાત પાસે ભારતની સૌથી મોટી બંદર ક્ષમતા અને મહત્વપૂર્ણ વૈશ્વિક વેપાર માર્ગો પર સ્થિત વ્યૂહાત્મક દરિયાકિનારો છે. ગુજરાતમાં દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર (DMIC) અને ધોલેરા જેવા વિશ્વસ્તરીય ઔદ્યોગિક પાર્ક અને કોરિડોર આવેલા છે. ગિફ્ટ સિટી (GIFT City) ભારતનું આંતરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સર્વિસ હબ બન્યું છે. રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સની ઈકોસિસ્ટમ ઝડપથી વિકસી રહી છે. પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. આ સાથે જ મજબૂત 'સિંગલ-વિન્ડો' ક્લીયરન્સ દ્વારા રોકાણકારો માટે અનુકૂળ અને સ્થિર વાતાવરણ અહીં પુરુ પાડવામાં આવી રહ્યું છે.

પ્રતિનિધિમંડળની આ મુલાકાત પાછળનો ઉદ્દેશ એ દર્શાવવાનો છે કે ગુજરાતના વૈશ્વિક સ્તરે વખાણાયેલા આ પ્લેટફોર્મ દ્વારા વિકાસના ભવિષ્યને આકાર આપવા માટે સરકાર, ઉદ્યોગકારો, રોકાણકારો અને વિચારશીલ નેતાઓને એકસાથે લાવવાનો છે.

આ વખતની સમિટમાં ભવિષ્યના ઉભરતા સેક્ટર પર ખાસ ભાર મુકવામાં આવશે. જેમાં સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ફિનટેક, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, ડેટા સેન્ટર્સ અને સ્પેસ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આમાંથી અનેક ક્ષેત્રોમાં ગુજરાતમાં પહેલેથી જ મજબૂત આધાર રહેલો છે.

સેમિકન્ડક્ટર્સ

૨૦૨૬માં, સાણંદ ભારતનું સૌથી વ્યસ્ત સેમિકન્ડક્ટર ક્લસ્ટર બન્યું છે. ફેબ્રુઆરીમાં માઈક્રોન (Micron) ની એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું અને માર્ચમાં કેન્સ સેમિકોન (Kaynes Semicon) ના ઘજ્અઝ યુનિટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જ્યારે CG પાવર-રેનેસાસ (CG Power-Renesas) નો ઘજ્અઝ પ્રોજેક્ટ હાલમાં પ્રગતિ હેઠળ છે. ધોલેરામાં, ટાટા ઈલેક્ટ્રોનિક્સ તાઈવાનની પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન (PSMC) સાથે મળીને ભારતનો પ્રથમ વ્યાવસાયિક સેમિકન્ડક્ટર ફેબ (fab) શરુ કરવા જઈ રહ્યું છે, જેમાં ડચ કંપની અજ્ઝક સાધનો અને ટેક્નોલોજી ભાગીદાર તરીકે જોડાયેલી છે.

ફિનટેક અને ડેટા સેન્ટર્સ

ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર, ગિફ્ટ સિટી મુખ્ય મથક છે. અહીં ૧,૦૦૦ થી વધુ સંસ્થાઓ કાર્યરત છે, જે ૨૦,૦૦૦ થી વધુ લોકોને રોજગારી આપે છે. આ સાથે જ ૩૮ બેન્ક USD ૧૦૦ અબજ ડોલર જેટલી મિલ્કતોનું સંયુક્ત સંચાલન કરે છે. એક જ રેગ્યુલેટર, IFSCA, સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને તૈયાર માળખાગત સુવિધાઓ રોકાણને વધુ સરળ બનાવે છે. ગિફ્ટ સિટીની યુટિલિટી ટનલ, સિટી કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, આ સાથે જ ભારતની પ્રથમ ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ ફિનટેક અને ડેટા સેન્ટર રોકાણકારોને ભવિષ્ય માટે તૈયાર બેઝ પુરુ પાડી રહ્યું છે.

ગ્રીન એનર્જી

કચ્છના ખાવડામાં આવેલ રિન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વના સૌથી મોટા એનર્જી પૈકીનો એક છે. આ પાર્ક ૭૨,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો છે. ૩૭ ગીગાવોટ (GW) ની ક્ષમતા ધરાવતો આ સોલર-વિન્ડ હાઈબ્રિડ પાર્ક, સંપૂર્ણ રીતે કાર્યરત થયા બાદ લગભગ ૧.૮ કરોડ (૧૮ મિલિયન) ઘરોને વીજળી પૂરી પાડશે. સ્વચ્છ ઉર્જાને લઈ ગુજરાતનો માળખાકીય આધાર પહેલાંથી જ મજબૂત છે. MNRE (નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય) અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં રાજ્યની સ્થાપિત રિન્યુએબલ એનર્જી ક્ષમતા ૫૨.૬૧ ગીગાવોટ (GW) છે , જે ભારતની કુલ રિન્યુએબલ એનર્જી ક્ષમતાના લગભગ ૧૮% જેટલી છે. VGGS ૨૦૨૭નો ઉદ્દેશ્ય મોટા રોકાણને સંપૂર્ણ ઈકોસિસ્ટમમાં પરિવર્તિત કરીને સપ્લાયર્સ, ટેક્નોલોજી ભાગીદારો અને કુશળ પ્રતિભાઓને આકર્ષી ખેંચી લાવી લાવવાનો છે.આંતરરાષ્ટ્રીય મુલાકાતો ઉપરાંત, ગુવાહાટી, લખનૌ, બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, ભુવનેશ્વર અને જયપુરમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ-શો દ્વારા જે તે રાજયમાં કાર્યરત ભારતીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓ સુધી પહોંચવામાં આવશે. ભૂતકાળમાં આવા આયોજન પહેલાં યોજાયેલા રોડ-શો ગુજરાતને ભારતના પસંદગીના રોકાણ સ્થળોમાંથી એક બનાવવાનું મુખ્ય કારણ રહ્યા છે.

વાઈબ્રન્ટ ગુજરાતના બે દાયકા

'વાઈબ્રન્ટ ગુજરાત'ની શરૂઆત ૨૦૦૩માંપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી, જયારે તે ગુજરાતના મુખ્યમંત્રી હતા. પ્રથમ આયોજનમાં લગભગ ૧૦૦ જેટલા ભાગીદાર હતા. ૨૦૦૩થી જ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિશ્વના અગ્રણી રોકાણ સંમેલનો પૈકીના એક સમિટ તરીકે વિકસ્યું છે. જાન્યુઆરી ૨૦૨૪માં યોજાયેલા ૧૦મા સંસ્કરણમાં થયેલ ભાગીદારી પર નજર કરીએ તો ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦થી વધુ પ્રતિનિધિઓ. ૩૦થી વધુ ભાગીદાર દેશ. VGGS ૨૦૨૭નો ઉદ્દેશ્ય વધુ વ્યાપ અને વધુમાં વધુ સહભાગિતા દ્વારા આર્થિક પ્રભાવની દ્રષ્ટિએ વધુ આગળ વધવાનો છે.

ઘરેણાં ચમકાવવાના બહાને છેતરપિંડીનો પ્રયાસ નિષ્ફળ

પુત્રની સમયસૂચકતાથી બે ઠગ પોલીસના સકંજામાં



આજીડેમ પોલીસ મથકમાં નડિયાદના બે શખ્સો સામે ફરિયાદ દાખલ; માતાએ સોનાનો ચેન ધોવા આપ્યો અને પુત્રએ ફોન પર ઠગાઈનો ભાંડો ફોડી ૧૧૨ પર પોલીસ બોલાવી લીધી

રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં સોનાના દાગીના ચમકાવી આપવાના બહાને મહિલાઓને વાતોમાં ભોળવી છેતરપિંડી કરતી ગેંગના બે સાગરીતોને ઝડપી લેવામાં આવ્યા છે. રાજકોટના ખોખડદડ નદીના કાંઠે આવેલા હરીઓમ પાર્ક શેરી નં.૧ માં રહેતા અને ભક્તિનગર જી.આઈ.ડી.સી.માં કામ કરતા ૪૨ વર્ષીય ગૌરવભાઈ ભરતભાઇ જોશીએ આ શખ્સો વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. બનાવની વિગત મુજબ, ગૌરવભાઈ ગત ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સવારે દસેક વાગ્યે પોતાના કામે હતા ત્યારે તેમની માતા જયશ્રીબેનનો તેમના પર ફોન આવ્યો હતો. તેમની માતાએ પુત્રને જણાવ્યું હતું કે ઘરે બે અજાણ્યા માણસો ફિનાઇલ વેચવા આવ્યા છે અને તેઓ પાસે સોનું ધોવાનું કેમિકલ હોવાથી પોતે પોતાનો આશરે ૮.૫ ગ્રામનો સોનાનો ચેન તેમને ધોવા માટે આપ્યો છે.

માતાની આ વાત સાંભળીને ગૌરવભાઈ તરત જ સમજી ગયા હતા કે આ અજાણ્યા શખ્સો ઘરેણાં ધોવાના બહાને કેમિકલમાં સોનું ઓગાળીને છેતરપિંડી કરવા આવ્યા છે. તેમણે તાત્કાલિક પોતાની માતાને ફોન પર જ ચેન પરત લઈ લેવા અને તે બંને શખ્સોને ઘર પાસે જ પકડી રાખવા જણાવ્યું હતું. ગૌરવભાઈ તુરંત જ પોતાના ઘરે દોડી ગયા હતા અને ૧૧૨ નંબર ડાયલ કરી પોલીસ વાનને ત્યાં બોલાવી લીધી હતી. બંને શખ્સોને આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે લાવીને તેમની પૂછપરછ કરતા તેમના નામ નકુલ શશીભુષણ પંડીત અને પવન ઓનાય પંડીત હોવાનું ખુલ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંને આરોપીઓ મૂળ બિહારના વતની છે અને હાલ ખેડા જિલ્લાના નડિયાદમાં સંતરામ મંદિર શેરી નં.૨ માં રહે છે. આ ઠગ ઈસમો સોનાના દાગીનાની ચમક વધારવાની વાતોમાં ભોળવીને કેમિકલમાં ઘરેણાં ઓગાળી લેવાનો ઈરાદો ધરાવતા હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે તેમની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પિયુષ અશ્વિનભાઈ ચિરોડીયાને આ કેસની વધુ તપાસ સોંપવામાં આવી છે. ફરિયાદી પુત્રની જાગૃતતા અને સમયસૂચકતાના કારણે રાજકોટમાં એક મોટી છેતરપિંડીનો બનાવ બનતો અટકી ગયો હતો.

અજાણ્યા શખ્સો ૩૨૦ મીટર કેબલ ચોરી ગયા, સીસીટીવી કેમેરામાં બે તસ્કર કેદ

જીમ્મી ટાવરમાં ફાઈનાન્સની ઓફિસ બહારથી ૧૫ હજારના વાયરની ચોરી

રાજકોટ, તા, ૧૭

રાજકોટ શહેરમાં ગોંડલ રોડ પર આવેલા જીમ્મી ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી ખુશ્બુ ઓટો ફાઈનાન્સ લિમિટેડ નામની ઓફિસની બહારથી ૩૨૦ મીટર જેટલા અલગ-અલગ વાયરની ચોરી થવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે નવલનગરમાં રહેતા અને કંપનીમાં આઈ. ટી. એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ૩૦ વર્ષીય નીશીથ રાજેન્દ્રભાઇ ગામોટ દ્વારા બે અજાણ્યા ઇસમો વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ચોરીની આ ઘટના ગત ૧૫ ઓક્ટોબર અને ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ એમ સળંગ બે રાત્રિ દરમિયાન બની હોવાનું સામે આવ્યું છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત ૧૫ ઓક્ટોબરના રોજ સવારે નીશીથભાઈ ઓફિસે પહોંચ્યા ત્યારે સફાઈ કર્મચારી સાહિલે તેમને જાણ કરી હતી કે ઓફિસ નં. ૨૦ ની બહારના ભાગમાંથી અંદાજે ૧૨૦ મીટરનો નેટવર્ક વાયર (જેની કિંમત રૂ. ૪૦૦૦) તૂટેલો છે અને ચોરી થઈ ગયો છે. ત્યારબાદ ઓફિસના સીસીટીવી ફૂટેજ તપાસતા ૧૫ ઓક્ટોબરની મધ્યરાત્રિએ અંદાજે બે વાગ્યાની આસપાસ એક અજાણ્યો વ્યક્તિ હાથમાં વાયર લઈને જતો જોવા મળ્યો હતો. આ ઘટનાના બીજા જ દિવસે એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ પણ સફાઈ કર્મચારીએ ફરીથી વાયર ચોરી થયાની જાણ કરતા તપાસ કરવામાં આવી હતી. જેમાં જોવામાં આવ્યું કે, ૧૦૦ મીટર જેટલો પાવર કેબલ (કિંમત રૂ. ૪૦૦૦) અને ૧૦૦ મીટર જેટલો થ્રી ફેઝ કાળા કલરનો વાયર (કિંમત રૂ. ૭૦૦૦) એમ વધુ વાયર ગાયબ હતા.



બીજી રાત્રિના સીસીટીવી તપાસતા રાત્રે બાર વાગ્યાની આસપાસ બે શખ્સો ઉપર આવતા દેખાયા હતા અને રાત્રે ત્રણેક વાગ્યે એક શખ્સ કેબલ ખેંચીને ભેગો કરી લઈ જતો કેમેરામાં કેદ થયો હતો.

માત્ર બે દિવસના સમયગાળામાં કુલ ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતના અંદાજે ૩૨૦ મીટર કેબલની ચોરી થયાનું જણાતા નીશીથભાઈએ તેમના મેનેજરને ફોન પર જાણ કરી હતી અને ત્યારબાદ પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. પોલીસે આ મામલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (ઇ.ગ.જ.) ની કલમ ૩૦૩(૨) અને ૫૪ હેઠળ ગુનો નોંધી છે. સીસીટીવી ફૂટેજના આધારે ચોરી કરનાર બંને અજાણ્યા શખ્સોને પકડી પાડવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ મહિપતસિંહ ગોહિલ ચલાવી રહ્યા છે.

મહિલાની છેડતી કરનાર દુકાનદાર સામે ગુનો

ચાલુ બાઈકે નંબરની ચિઠ્ઠી આપી 'પતાવી દેવાની' ધમકી આપી : ભક્તિનગર વિસ્તારમાં ૮૦ ફૂટ રોડ પર બનેલી ઘટના



રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મહિલાની છેડતી અને ત્યારબાદ મારામારીનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ૮૦ ફૂટ રોડ પર ન્યુ નહેરૂનગરમાં શ્યામપાર્ક-૨ ખાતે રહેતા ૩૧ વર્ષીય મહિલાએ આરોપી પરેશ પનારા વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ દાખલ કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, ફરિયાદી મહિલાના ઘરની નીચે જ દુકાન ધરાવતા આરોપી પરેશભાઈએ મહિલાની પાછળ આવીને ચાલુ બાઈકે પોતાના નંબરની ચિઠ્ઠી આપી હતી. ત્યારબાદ આરોપીએ મહિલાને કોલ કરવાનું કહીને ધમકી આપી હતી કે ''જો કોઈને કહીશ તો પતાવી દઈશ'', આમ કહીને મહિલાની સરાજાહેર છેડતી કરી હતી. આ બનાવ ગત તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨થી ૧ વાગ્યાના અરસામાં હુડકો પોલીસ ચોકી વિસ્તારમાં પિપળીયા હોલ સામેના રોડ પર બન્યો હતો.

આવા અણછાજતા વર્તન બાબતે જ્યારે ફરિયાદી મહિલા આરોપી પરેશભાઈને ઠપકો આપવા ગયા ત્યારે મામલો વધુ બિચક્યો હતો અને મારામારી સર્જાઈ હતી. ઉશ્કેરાયેલા આરોપીએ ફરિયાદીના નણદોય (સાહેદ) યશભાઈના પગમાં લોખંડના પાઈપનો ઘા ઝીં કી દઈને મૂઢ ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, ત્યાં હાજર અન્ય સાહેદ કિશનભાઈને પણ આરોપીએ ઢીકાપાટુ મારી ઈજાઓ કરી હતી. ભક્તિનગર પોલીસે આરોપી પરેશ પનારા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ જે. બી. રાણીંગાએ શરુ કરી છે.

કોઠારીયા રોડ પરથી ૨૨ વર્ષીય હિનાબેન ડાભી અને મવડી વિસ્તારમાંથી ૫૪ વર્ષીય અલ્પેશકુમાર યાદવ ભેદી સંજોગોમાં ગુમ થતાં પરિવારે પોલીસની મદદ માંગી

યુવતી-પ્રૌઢ ભેદી સંજોગોમાં લાપતા



રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં ગુમ થવાના બે અલગ-અલગ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. પ્રથમ બનાવમાં, કોઠારીયા રોડ પર આવેલી રાધેશ્યામ સોસાયટી શેરી નં. ૩, રામ એપાર્ટમેન્ટની સામે રહેતા અને મજૂરી કામ કરતા પ્રૌઢએ અરવિંદભાઈ અમરસંગભાઈ ડાભીએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં પોતાની પુત્રી ગુમ થયાની જાહેરાત નોંધાવી છે. પોલીસ નોંધ મુજબ, તેમની ૨૨ વર્ષીય પુત્રી હિનાબેન ડાભી ગત તા. ૧૩ના રોજ સવારે ૧૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળી ગયા હતા અને હજુ સુધી ઘરે પરત ફર્યા નથી. આ મામલે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.જે. રાણા દ્વારા યુવતીની શોધખોળ સાથે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

બીજા બનાવમાં, મવડી સ્મશાન સામે આવેલી કૃષ્ણ ટાઉનશીપ જી-૫૦૩ માં રહેતા ૫૪ વર્ષીય અલ્પેશકુમાર લલિતભાઈ યાદવ પોતાના ઘરેથી લાપતા બન્યા છે. આ અંગે તેમના ૩૧ વર્ષીય પુત્ર નીખીલ યાદવે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. પોલીસને આપેલી વિગતો મુજબ, અલ્પેશકુમાર ગત તા.૧૬ના રોજ બપોરના ૧૨ વાગ્યાની આસપાસ પોતાના ઉપરોક્ત સરનામેથી કોઈ કારણોસર એકલા ક્યાંક જતા રહ્યા છે. ગુમ થનાર અલ્પેશકુમાર ઘરેથી નીકળતી વખતે તેમણે વાઈટ અને પર્પલ કલરનું લાઈનવાળું ટી-શર્ટ અનેબ્લેક પેન્ટ પહેરેલું છે. આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનના એ.સી. મયુરભાઈ બી. ઠાકર દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

રી-સર્વે કામગીરીમાં મોટા ફેરફાર

લેન્ડ રેકર્ડ કર્મચારી મંડળની રજૂઆતથી તંત્ર ઝૂક્યું

સેટલમેન્ટ કમિશનરને કરાયેલી રજૂઆત બાદ નાયબ નિયામકનો તાકીદનો પરિપત્રઃ સ્વેચ્છાએ જવા ઈચ્છતા કર્મચારીઓને જ અન્ય જિલ્લાની કામગીરી સોંપાશે

રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં જમીન માપણી અને રી-સર્વેની કામગીરીને લઈને સરકારી વહીવટી તંત્રમાં ચાલતી ભારે ખેંચતાણ વચ્ચે રાજ્યના લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓ માટે એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી રાજ્યની વિવિધ ઉઈક્છ કચેરીઓમાં ફરજ બજાવતા લેન્ડ રેકર્ડના સર્વેયરોને રી-સર્વે અને ભૂમિ સીમાંકન જેવી ક્ષેત્રીય કામગીરી માટે પોતાના મૂળ જિલ્લા બહાર અન્ય જિલ્લાઓમાં ડેપ્યુટેશન કે ફિલ્ડ ડ્યુટી પર મોકલવામાં આવતા હતા. તંત્રના આ નિર્ણય સામે કર્મચારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો. પરિણામે 'ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળ' દ્વારા આ મુદ્દે આક્રમક અને સચોટ વિરોધ નોંધાવી રજૂઆતોનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. મંડળની આ ધારદાર રજૂઆતો અને વ્યાજબી માંગણીઓ આગળ આખરે રાજ્યનું વહીવટી તંત્ર ઝૂક્યું છે અને નાયબ નિયામક (જનરલ) દ્વારા તાકીદનો પરિપત્ર જારી કરીને સિનીયર સર્વેયરોને મોટી રાહત આપવામાં આવી છે.



સમગ્ર વિગત મુજબ, ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા સેટલમેન્ટ કમિશનર-ગાંધીનગરને રૂબરૂ મળીને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ રજૂઆતમાં મંડળે કચેરીઓની વાસ્તવિક પરિસ્થિતિનો તદ્દન સ્પષ્ટ ચિતાર રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં નવી ઉઈક્છ કચેરીઓની સ્થાપના થવાથી તેમજ કલસ્ટર વ્યવસ્થા અમલમાં આવવાથી સિનીયર સર્વેયરોની કચેરીલક્ષી કામગીરીના વ્યાપ અને જવાબદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. કચેરીઓમાં રોજબરોજ આવતી રી-સર્વે સંબંધિત ઓનલાઈન અરજીઓનો નિકાલ કરવો, જમીન માપણી, દુરસ્તી તેમજ સંપાદન જેવા અત્યંત સંવેદનશીલ કેસોની ફાળવણી કરી તેની ઝીણવટભરી સ્કુટિની કરવી એ તમામ જવાબદારીઓ સીનીયર સર્વેયરોના શિરે રહેલી હોય છે.

આ ઉપરાંત, કચેરી ખાતે દરરોજ પોતાના જમીન સંબંધિત પ્રશ્નો અને ક્ષતિઓ લઈને આવતા સામાન્ય અરજદારોને રૂબરૂ સાંભળવા, તેમની સમસ્યાઓ અને રજૂઆતોને ગંભીરતાથી સમજીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું અને અરજીઓનો નિર્ધારિત સમયમર્યાદામાં ઉકેલ લાવવો એ પણ સીનીયર સર્વેયરોની પ્રાથમિક ફરજનો ભાગ છે. આવી સ્થિતિમાં, કચેરીની જવાબદારીઓનું ભારણ આટલા મોટા પ્રમાણમાં હોવા છતાં જો સિનીયર સર્વેયરોને પોતાના જિલ્લા બહાર ફિલ્ડની કામગીરીમાં મોકલી દેવામાં આવે તો કચેરીનું સમગ્ર વહીવટી માળખું ખોરવાઈ જાય છે. જેના સીધા પરિણામે અરજદારોની અરજીઓનો સમયસર નિકાલ અટકી પડે છે અને સામાન્ય નાગરિકોને કચેરીઓના ધક્કા ખાવાનો વારો આવે છે. આથી, કચેરીની કામગીરી સુચારુ રીતે ચાલતી રહે અને અરજદારોને પડતી મુશ્કેલીઓ અટકે તે હેતુથી સિનીયર સર્વેયરોને ફિલ્ડની કામગીરીમાંથી સંપૂર્ણ મુક્ત રાખી તેમને માત્ર અને માત્ર કચેરીલક્ષી જવાબદારીઓ જ સોંપવામાં આવે તેવી મક્કમ માંગ કરાઈ હતી.

પરંતુ હવેથી કર્મચારી મંડળની રજૂઆતને ધ્યાને રાખીને એવો સ્પષ્ટ હુકમ કરવામાં આવે છે કે, કોઈ અન્ય જિલ્લામાં કામગીરી અર્થે જવા માટે જે કર્મચારીઓ 'સ્વેચ્છાએ' તૈયાર હોય કે ઈચ્છા ધરાવતા હોય, તેવા કર્મચારીઓ સિવાયના અન્ય કોઈપણ કર્મચારીને કોઈ પણ સંજોગોમાં અનિવાર્ય કે અસાધારણ પરિસ્થિતિ સિવાય જિલ્લા બહાર ફિલ્ડ કામગીરી માટે ફાળવવામાં આવશે નહીં.

મનપાના મંચ પરથી સમાજશ્રેષ્ઠીઓનું બહુમાન : ડેકોરમ બાજુએ મૂકી પદાધિકારીઓએ રૂબરૂ ઘેર જઈ નિમંત્રણ પાઠવ્યું'તું

શહેરના ૭ રત્નો ગાંધી એવોર્ડથી સન્માનિત



રાજકોટ, તા. ૧૭

જેમ દેશ માટે પાર્લામેન્ટનું સ્થાન સર્વોચ્ચ છે, તેમ જ શહેરના સર્વાંગી વિકાસ અને લોકશાહી માટે રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. રાજકોટના શ્રેષ્ઠીઓ અને સમાજ ઉપયોગી કાર્યો કરનાર મહાનુભાવોનું સન્માન કરવા માટેનું સૌથી યોગ્ય અને ગૌરવવંતું સ્થળ જનરલ બોર્ડ જ હોઈ શકે તેવા ઉમદા વિચાર સાથે આજે એક નવી અને સ્વર્ણિમ પ્રણાલિકાનો પ્રારંભ થયો છે. મેયર ડો. નેહલ શુક્લની પ્રેરણાદાયી સૂઝબૂઝથી મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં સમાજના વિશિષ્ટ રત્નોને નિમંત્રિત કરી 'ગાંધી એવોર્ડ'થી સન્માનિત કરવાની એક અનોખી અને સરાહનીય પરંપરા શરૂ કરવામાં આવી છે.

ગઈકાલે યોજાયેલી રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડની ખાસ બેઠકમાં સમાજમાં ઉત્કૃષ્ટ, પ્રેરણાદાયી અને માનવતાવાદી યોગદાન આપનાર ૭ મહાનુભાવો અને સંસ્થાને શિલ્ડ તથા શાલ અર્પણ કરીને ભાવભીનું બહુમાન કરવામાં આવ્યું હતું. મેયર ડો. નેહલ શુક્લ દ્વારા જનરલ બોર્ડના પવિત્ર મંચ પરથી આ તમામ મહાનુભાવોના સમાજ પ્રત્યેના અદ્ભુત પ્રદાન અંગેની સવિસ્તાર માહિતી આપીને તેઓની સેવાઓની સરાહના કરવામાં આવી હતી.

આ સમગ્ર સન્માન સમારંભની સૌથી સંવેદનશીલ અને સ્પર્શી જાય તેવી બાબત એ રહી કે, પદાધિકારીઓએ પ્રોટોકોલ કે ડેકોરમની પરવા કર્યા વિના અત્યંત સાદગી અને નમ્રતા દર્શાવી હતી. મેયર ડો. નેહલ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તથા સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પોતે આ સૌ મહાનુભાવોના ઘરે રૂબરૂ ગયા હતા અને જનરલ બોર્ડમાં ઉપસ્થિત રહી એવોર્ડ સ્વીકારવા માટે આદરપૂર્વક આગ્રહભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું. લોકશાહીના સર્વોચ્ચ મંચ પરથી પ્રજાના સેવકો દ્વારા સમાજસેવકોનું આ પ્રકારે સન્માન કરવાની ઘટનાએ સમગ્ર શહેરમાં ભારે આદર અને પ્રશંસા જગાવી છે.

આજની જનરલ બોર્ડની બેઠકમાં મેયર ડો. નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયાના વરદ હસ્તે જે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું તેમાં સામાજિક શ્રેષ્ઠી તરીકે નરેશભાઈ પટેલ, સમાજ શ્રેષ્ઠી દાતા તરીકે મૌલેશભાઈ ઉકાણી, ઉદ્યોગ દાતા તરીકે રામભાઈ મોકરિયા, ઉત્કૃષ્ટ સેવાકીય સંસ્થા તરીકે નિયો રાજકોટ ફાઉન્ડેશન, સહકાર ક્ષેત્રે દિનેશભાઈ પાઠક, નારીશક્તિનું ગૌરવ વધારનાર નારીરત્ન ઈન્દિરાબેન શીંગાળા અને કલા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર તેજશભાઈ શીશાંગિયાનો સમાવેશ થાય છે.

ધમધમતા સાંગણવા ચોકમાં GST વિભાગના દરોડા

વેપારી આલમમાં ભારે ખળભળાટ : 'સિઝન'ના સમયે ધમધમતી બજારોમાં અધિકારીઓની એન્ટ્રીથી વેપારીઓમાં રોષનો જ્વાળામુખી : મંદી વચ્ચે વર્ષભરની કમાણી પર પાણી ફરવાની આશંકાએ વેપારીઓ રોડ પર ઉતર્યા

રાજકોટ, તા. ૧૭

તહેવારોની મોસમ વચ્ચે રાજકોટના જાણીતા અને ધમધમતા સાગણવા ચોક ખાતે GST વિભાગની ટીમો દ્વારા અચાનક દરોડા પાડવામાં આવતા વેપારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. દિવાળીના પર્વને આડે ગણતરીના દિવસો બાકી છે અને બજારમાં ખરીદીનો માહોલ પૂરબહારમાં ખીલ્યો છે, ત્યારે જ કેન્દ્રીય એજન્સીની આ આક્રમક કાર્યવાહીથી નારાજ થયેલા વેપારીઓએ તાત્કાલિક ધોરણે પોતાની દુકાનો સ્વેચ્છાએ બંધ કરી દીધી છે અને મોટી સંખ્યામાં રોડ પર ઉતરી આવી વિરોધ પ્રદર્શિત કર્યો છે.

વેપારીઓની મુખ્ય નારાજગી કાર્યવાહી સામે નહીં, પરંતુ તેના ટાઈમિંગ સામે છે. વેપારીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હિન્દુઓનો સૌથી મોટો તહેવાર એટલે કે દિવાળીનો સમય વેપારીઓ માટે વર્ષનો સૌથી મહત્ત્વનો 'પીક ટાઈમ' ગણાય છે. આખા વર્ષ દરમિયાન જે નફો કે વ્યાપાર થવાનો હોય, તેનો મોટો હિસ્સો દિવાળીની આસપાસના દિવસોમાં જ થતો હોય છે. વેપારીઓનો તર્ક છે કે જો જીએસટી વિભાગને કોઈ તપાસ કે ગેરરીતિ અંગે શંકા હતી, તો આ કાર્યવાહી દિવાળીના તહેવારો પૂરા થયા પછી પણ થઈ શકતી હતી. પરંતુ તહેવાર ટાણે જ દરોડા પાડીને વેપારીઓને માનસિક રીતે પરેશાન કરવામાં આવી રહ્યા છે, જેના કારણે વેપારીઓનો ઉત્સાહ માટીમાં મળી ગયો છે.









એક તરફ બજારમાં લાંબા સમયથી મંદીનો માહોલ ચાલી રહ્યો છે અને ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી છે, ત્યારે આ પ્રકારની દરોડાની કાર્યવાહી વેપાર-ધંધાની કમર ભાંગી નાખનારી સાબિત થઈ રહી છે. વેપારીઓનું કહેવું છે કે, હાલની આર્થિક સ્થિતિમાં વેપાર માંડ-માંડ ચાલી રહ્યો છે, તેમાં જીએસટીની આ કાર્યવાહીના કારણે બજારમાં નકારાત્મક સંદેશો ફેલાયો છે. આ પ્રકારના ડરના વાતાવરણથી વેપારીઓનો આત્મવિશ્વાસ ડગમગી રહ્યો છે. સાગણવા ચોક જેવા ભીડભાડવાળા અને મુખ્ય વેપારી હબમાં અચાનક CGSTના કાફલાની એન્ટ્રી અને ત્યારબાદ વેપારીઓ દ્વારા દુકાનો બંધ કરીને કરાયેલા વિરોધને કારણે ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં પણ ભય અને ગભરાટ ફેલાઈ ગયો હતો. તહેવારોની ખરીદી કરવા આવેલા ગ્રાહકો દુકાનો બંધ થવાથી અને માહોલ તણાવપૂર્ણ બનવાથી અસમંજસમાં મુકાયા હતા અને નાછૂટકે પરત ફરવું પડ્યું હતું. હાલ સાગણવા ચોક ખાતે તંગદિલીભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને વેપારીઓ દ્વારા તંત્રની આ પદ્ધતિ સામે ઉગ્ર રોષ વ્યક્ત થઈ રહ્યો છે. આ ઘટનાને લઈને રાજકોટના અન્ય વેપારી વર્તુળોમાં પણ ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા બની રસાકસીભરી

કોંગ્રેસના 'લોલીપોપ વિરોધ'થી રાજકારણમાં ગરમાવો

જંગલેશ્વર કૌભાંડ અને સમિતિઓના ડીંડક સામે વિરોધ પક્ષનો હાઇ-વોલ્ટેજ ડ્રામા





રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં યોજાયેલી સામાન્ય સભા પહેલા જ મનપા કચેરીનું પ્રાંગણ એક હાઇ-ડ્રામા અને તીખા રાજકીય વિરોધનું કેન્દ્ર બની ગયું હતું. સામાન્ય સભાની કાર્યવાહી શરૂ થાય તે પૂર્વે જ કોંગ્રેસના કોર્પોરેટરો અને વિપક્ષી કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને શાસક પક્ષ ભાજપ સામે સીધો મોરચો માંડી દીધો હતો. કચેરીમાં પ્રવેશતા જ ભાજપના કોર્પોરેટરો અને દિગ્ગજ નેતાઓને જોઈને કોંગ્રેસી સભ્યોએ હાથમાં લોલીપોપ ધરી દઈ અનોખી અને કટાક્ષપૂર્ણ રીતે ઘેરાવ કર્યો હતો. મનપા કચેરીના મુખ્ય દ્વાર પર અચાનક સર્જાયેલા આ દ્રશ્યોથી સમગ્ર પરિસરમાં કૌતુક અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કોંગ્રેસના આ અનોખા વિરોધ પ્રદર્શન પાછળ મનપામાં ચાલતો કથિત ભ્રષ્ટાચાર અને વિવિધ કામોમાં થતી ગેરરીતિઓ જવાબદાર હોવાનું વિપક્ષી નેતાઓએ આક્રમક અવાજે જણાવ્યું હતું. વિરોધ કરી રહેલા કોર્પોરેટરોનો આક્ષેપ હતો કે શાસક ભાજપ દ્વારા રાજકોટના કરદાતા નાગરિકોને મોટી મોટી વાતો, વાયદાઓ અને ખોટા આશ્વાસનો સિવાય કંઈ જ આપવામાં આવતું નથી. ખાસ કરીને જંગલેશ્વર વિસ્તારમાં થયેલા ગંભીર ભ્રષ્ટાચારના પ્રકરણ અને ત્યારબાદ આ મુદ્દે તપાસના નામે રચાયેલી સમિતિઓના 'ડીંડક' સામે કોંગ્રેસે ભારે રોષ ઠાલવ્યો હતો. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે ભ્રષ્ટાચારીઓને બચાવવા માટે સમિતિઓની માત્ર નાટકીય રચનાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક તપાસ શૂન્ય છે. પ્રજાને પણ શહેરના વિકાસના નામે સતત આ જ રીતે 'લોલીપોપ' આપીને ભ્રમિત કરવામાં આવી રહી છે, જેના વિરોધસ્વરૂપે આજે શાસકોના હાથમાં જ લોલીપોપ પકડાવી દેવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શનનું તાપ તે સમયે વધુ વધી ગયું જ્યારે ભાજપના અગ્રણી નેતા રામભાઈ મોકરીયા પણ મનપા કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. તેમને જોતા જ કોંગ્રેસના કાર્યકરો અને કોર્પોરેટરોએ તેમને પણ ઘેરી લીધા હતા અને કટાક્ષ સાથે તેમના હાથમાં પણ લોલીપોપ પકડાવી દીધી હતી. અચાનક સર્જાયેલી આ સ્થિતિથી થોડીવાર માટે કચેરીના પરિસરમાં સુરક્ષાકર્મીઓ અને નેતાઓ વચ્ચે દોડધામ મચી ગઈ હતી. કોંગ્રેસે સુત્રોચ્ચાર કરી શાસક પક્ષ પર તીખા પ્રહારો ચાલુ રાખ્યા હતા, જ્યારે ભાજપના કોર્પોરેટરો અસ્વસ્થ બનીને ઉતાવળે સામાન્ય સભાના ગૃહ તરફ આગળ વધી ગયા હતા. આજના આ કટાક્ષપૂર્ણ અને ઉગ્ર વિરોધ પ્રદર્શને સ્પષ્ટ કરી દીધું છે કે મનપાના ભ્રષ્ટાચારના મુદ્દાઓ હવે વધુ ઉગ્ર બનશે અને આગામી દિવસોમાં રાજકોટનું રાજકારણ વધુ ગરમાવાનું છે.

પાવર સાથે વૃત્તિ જરૂરી

ખોરાકી ભેળસેળ રોકવા શાસકોએ વિશેષ પાવર માંગ્યો છે, પણ..



મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠકમાં શાસકો દ્વારા એક મહત્વનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ખોરાકી ભેળસેળ રોકવા માટે સરકાર પાસે ફોજદારી કાર્યવાહી કરવા સુધીનો વિશેષ પાવર માંગવામાં આવ્યો છે. નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આ પગલું ચોક્કસપણે આવકારદાયક અને સરાહનીય ગણાવી શકાય. પ્રજાના આરોગ્ય સાથે રમત રમતા ભેળસેળિયા તત્વો સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ. આ હેતુ અને ઉદ્દેશ્ય ખૂબ જ સારો છે, પરંતુ માત્ર પાવર મેળવી લેવાથી સમસ્યાઓનો ઉકેલ આવી જતો નથી. પાવર સાથે કામ કરવાની સાચી વૃત્તિ હોવી પણ એટલી જ અનિવાર્ય છે.

અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે પાવરનો યોગ્ય ઉપયોગ થશે કે દુરુપયોગ? ભૂતકાળના અનુભવો દર્શાવે છે કે જ્યારે પણ તંત્રને અસીમ પાવર આપવામાં આવે છે, ત્યારે તેનો દુરુપયોગ થવાની શક્યતાઓ વધી જાય છે. નાના વેપારીઓને હેરાન કરવામાં આવે અને મોટા મગરમચ્છો છટકી જાય તેવું પણ બની શકે છે. વળી, બીજી કડવી હકીકત એ પણ છે કે હાલમાં શાસકો અને તંત્ર પાસે જે મર્યાદિત પાવર ઉપલબ્ધ છે, તેનો પણ પૂરતો અને યોગ્ય ઉપયોગ થતો નથી. નિયમોનું પણ કડક પાલન કરાવવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે.

માત્ર ફૂડ શાખા કે ખોરાકી ભેળસેળ પુરતી આ વાત સીમિત નથી. ટ્રાફિકને અડચણરૂપ અનધિકૃત દબાણો હટાવવા સહિતના અનેક વિષયોમાં મહાપાલિકા પાસે પૂરતી સત્તા અને પાવર પહેલાથી જ રહેલા છે. છતાં શહેરમાં દબાણોની સમસ્યા જસની તસ જોવા મળે છે. પાવર હોવા છતાં તેનો અમલ કેમ થતો નથી? રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ અને લાલિયાવાડીને કારણે પાવર માત્ર કાગળ પર રહી જાય છે.

કોઈપણ જટિલ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સત્તા કે પાવર મહત્વનો ભાગ ભજવે છે, તેમાં કોઈ બેમત નથી. પરંતુ પાવર કરતાં પણ પહેલાં કામ કરવાની દાનત અને વૃત્તિ સૌથી વધુ મહત્વ ધરાવે છે. જો શાસકો અને અધિકારીઓમાં પ્રજાહિત માટે નિષ્ઠાપૂર્વક કામ કરવાની વૃત્તિ જ નહીં હોય, તો ગમે તેટલા વિશેષ પાવર આપવા છતાં પરિસ્થિતિ બદલાવાની નથી. શાસકોએ પહેલા પોતાની કામ કરવાની વૃત્તિ સુધારવી પડશે. યોગ્ય વૃત્તિ સાથે જ પાવરનો સાચો ઉપયોગ શક્ય બનશે અને તો જ ભેળસેળમુક્ત સમાજનું નિર્માણ થઈ શકશે.



મુંબઈ-ગુજરાતમાં EDના ૨૯ ઠેકાણે દરોડા

અમદાવાદ, ગાંધીનગર, મુંબઈ સહિતના ૬ શહેરોમાં ઊઉનું સર્ચ ઓપરેશન

શેરબજારના એક લાખ નાના રોકાણકારોને ફસાવવાનો મામલો

અમદાવાદ, તા.૧૭

શેરબજારમાં બે કંપનીઓના શેરના ભાવ કૃત્રિમ રીતે વધારીને મોટા પાયે મની લોન્ડરિંગ કરવાના કથિત કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. EDની ટીમોએ ગુજરાત અને મહારાષ્ટ્રના ૬ શહેરોમાં કુલ ૨૯ સ્થળોએ એકસાથે મેગા દરોડા પાડીને મહત્વના દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા છે. ભાવનગરથી સંચાલિત વોટ્સએપ ગ્રૂપ મારફતે એક લાખથી વધુ રોકાણકારોને લલચાવીને ફસાવવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ કૌભાંડના કેન્દ્રમાં 'આર એમ ડ્રિપ સ્પ્રિંકલર્સ સિસ્ટમ્સ' અને 'આર એન્ડ બી ડેનિમ લિમિટેડ' નામની કંપનીઓ છે. ED દ્વારા મુંબઈ, નાશિક, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને ભાવનગરમાં કંપનીની કચેરીઓ, પ્રમોટરોના રહેઠાણો, શેર ખરીદનારા કેટલાક લોકો, બ્રોકિંગ કચેરીઓ અને વોટ્સએપ ગ્રૂપના સંચાલકોને ત્યાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. વોટ્સએપ પર ટિપ્સ આપી રોકાણકારોને ફસાવ્યા તપાસમાં સામે આવ્યું છે કે, એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ દરમિયાન આ બંને કંપનીઓએ ચોક્કસ વ્યક્તિઓ અને સંસ્થાઓને ૩.૫ કરોડથી વધુ શેર અને વોરંટ જારી કર્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી વિવિધ વોટ્સએપ ગ્રૂપમાં આ શેરોને 'મલ્ટીબેગર' ગણાવીને દરરોજ ખરીદીની ટિપ્સ આપવામાં આવતી હતી. આ ગ્રૂપ ચલાવવા માટે હરિયાણા અને મુંબઈમાંથી અન્ય લોકોના નામે મેળવેલા નકલી સિમકાર્ડનો ઉપયોગ થતો હતો, જ્યારે તેનું મુખ્ય સંચાલન ભાવનગરથી થતું હતું.

રોકાણકારોને ઊંચા ભાવે શેર પધરાવી દીધા બાદ ગત ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અચાનક આ તમામ વોટ્સએપ ગ્રૂપ ડિલીટ કરી દેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ બંને કંપનીઓના શેર લોઅર સર્કિટમાં આવી ગયા હતા અને ગણતરીના દિવસોમાં જ તેમનું મૂલ્ય આશરે ૭૦ ટકા જેટલું ઘટી ગયું હતું. આ પૂર્વનિયોજિત કૌભાંડના પરિણામે એક લાખથી વધુ નાના રોકાણકારોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હાલ ED દ્વારા મની લોન્ડરિંગ અટકાવવાના કાયદા (PMLA) હેઠળ વધુ તપાસ ચાલી રહી છે, જેના અંતે નાણાં ક્યાં સુધી પહોંચ્યા તે સ્પષ્ટ થશે.

હવે શિક્ષકોના માથે નવી જવાબદારી થોપાઇ

ગુરૂજી હવે અન્નપૂર્ણા યોજનાના નોડલ ઓફિસર



ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે ડિજિટલાઈઝેશનના દાવા વચ્ચે પ્રાથમિક શાળાના શિક્ષકોને નવી બિન-શૈક્ષણિક કામગીરી સોંપી છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળના ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલનની જવાબદારી શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે અપાઈ છે. આ નિર્ણયથી શિક્ષણ જગતમાં આક્રોશ ફેલાયો છે, કારણ કે શિક્ષકો વર્ગખંડમાં ભણાવવાને બદલે ડેટા એન્ટ્રી, રિપોર્ટિંગ અને યોજનાઓના સંચાલનમાં વ્યસ્ત રહેશે તો શિક્ષણ કથળી જશે તેવી ગુરૂજીઓમાં અને વાલીઓમાં ચિંતા પ્રસરી છે.

એક તરફ રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે ડિજિટલાઈઝેશન અને ગુણવત્તાસભર શિક્ષણના મોટા-મોટા દાવા કરી રહી છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. પ્રાથમિક શાળાઓના આચાર્ય અને શિક્ષકો પર બિન-શૈક્ષણિક કામગીરીનું ભારણ સતત વધી રહ્યું છે. હવે તેમાં વધુ એક કડી ઉમેરાઈ છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ શરૂ કરાયેલા ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલન હવે શિક્ષકોને સોંપાયું છે. આ નિર્ણયને પગલે શિક્ષણ જગતમાં આક્રોશ ભભૂક્યો છે.

શિક્ષકો વર્ગખંડમાં બાળકોને ભણાવવાના મૂળભૂત કાર્યથી દૂર હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. શિક્ષકોને ડેટા એન્ટ્રી અને પોર્ટલ અપડેટની સાથે સાથે વિવિધ સરકારી યોજનાઓના રિપોર્ટિંગ, સર્વેક્ષણ અને બિલ સબમિશનની વહીવટી પ્રક્રિયાની જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત ચૂંટણીલક્ષી કામગીરી, મતદારયાદી સુધારણા અને જનગણના સહિત અન્ય બિન શૈક્ષણિક કામગીરી સોંપવામાં આવી છે. હવે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનું સંચાલન કરવા શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે કામગીરી સોંપાઈ છે. વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે શિક્ષકોને શ્રમિકોને જમવાનું મળે છે કે કેમ તે જોવાની જવાબદારી અપાઈ છે. આ જોતાં સવાલ ઉઠ્યો છે કે, બાળકોના ભવિષ્ય સાથે ક્યાંથી સુધી ચેડા થશે? શિક્ષકો ઓનલાઈન કામગીરી, વહીવટી કાગળો અને સરકારી યોજનાઓના સંચાલનમાં જ વ્યસ્ત રહેશે, તો શાળામાં ગરીબ અને સામાન્ય વર્ગના બાળકોને ભણાવશે કોણ. એક બાજુ, શાળામાં શિક્ષકોની સંખ્યાની ઘટ પ્રવર્તી રહી છે જ્યારે બીજી બાજુ, બિન-શૈક્ષણિક ભારણને લીધે સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે.

માર્કો રુબિયો ઉઠાવશે CJP વિરોધનો મુદ્દો

છ પ્રગતિશીલ ડેમોક્રેટિક કાયદા નિર્માતાઓએ ભારતમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો મુદ્દો ઉઠાવતો પત્ર લખ્યો

નવીદિલ્હી, તા. ૧૭

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો આવતા અઠવાડિયે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત પહેલા, છ પ્રગતિશીલ ડેમોક્રેટિક કાયદા નિર્માતાઓએ ભારતમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો મુદ્દો ઉઠાવતો પત્ર લખ્યો છે. છ અગ્રણી યુએસ નેતાઓ - પ્રમિલા જયપાલ, ઇલ્હાન ઓમર, જીમ મેકગોવર્ન, રશીદા તલાઇબ, એલેનોર હોમ્સ નોર્ટન અને જીસસ ગાર્સિયા - એ સેક્રેટરી રુબિયોને ખાસ અપીલ કરી છે. તેમણે તેમને મુંબઈમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત દરમિયાન ભારતમાં વિદ્યાર્થી ઓના વિરોધ પ્રદર્શનનો મુદ્દો ઉઠાવવા કહ્યું છે. આ કાયદા નિર્માતાઓએ અહીંના ભારતીય દૂતાવાસ અને અન્ય યુએસ શહેરોમાં ભારતીય કોન્સ્યુલેટ પર ''કોકરોચ જનતા પાર્ટી'' ના સમર્થનમાં પ્રદર્શન કરી રહેલા લોકો પર નજર રાખવા માટે ફોટોગ્રાફરો તૈનાત કરવાનો આરોપ લગાવ્યો છે. રુબિયો આવતા



અઠવાડિયે ભારતની મુલાકાતે આવી રહ્યા છે અને મુંબઈમાં વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

શુક્રવારે રુબિયોને લખેલા પત્રમાં, કાયદા નિર્માતાઓએ દિલ્હી અને ભારતના અન્ય ભાગોમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા દળો દ્વારા દમન, ખોટી અટકાયત અને વધુ પડતા બળના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં લોકશાહી સિદ્ધાંતોના મહત્વ પર ભાર મૂક્યો હતો. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ''વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશો અને નાગરિક અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરારના પક્ષો તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સ અને ભારતની સભા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારોને પ્રોત્સાહન અને રક્ષણ આપવાની જવાબદારી છે.''

યુએન માનવાધિકાર નિષ્ણાતોની ચિંતાઓને ટાંકીને, પત્રમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયાની પારદર્શિતા અને ચૂંટણી ભાગીદારી પર તેની સંભવિત અસર અંગે પ્રશ્નો ઉભા થયા છે. તેમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન ધરપકડો અને પ્રદર્શનો પર કાયદા અમલીકરણ કાર્યવાહીના અહેવાલોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાયદા ઘડનારાઓએ પરીક્ષા સંબંધિત ચિંતાઓ બાદ વિદ્યાર્થીઓની ફરિયાદો પર ભારત સરકારના પ્રતિભાવની નોંધ લીધી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ''અમે નોંધીએ છીએ કે ભારત સરકારે પરીક્ષા લીકથી પ્રભાવિત વિદ્યાર્થીઓની ફરિયાદોને દૂર કરવા માટે કેટલાક પગલાં લીધા છે, જેમાં શિક્ષણ મંત્રી પ્રધાનનું રાજીનામું પણ સામેલ છે. માર્કો રુબિયોની ભારત મુલાકાત પહેલા, છ યુએસ પ્રગતિશીલ ડેમોક્રેટિક કાયદા ઘડનારાઓએ તેમને પત્ર લખ્યો છે. તેઓ ઇચ્છે છે કે રુબિયો એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન વિરોધ પ્રદર્શનો દરમિયાન બળના અતિશય ઉપયોગનો મુદ્દો ઉઠાવે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

'માઁ' ભુવનેશ્વરીને સમસ્ત સંસારના એશ્વર્યની સ્વામીની કહેવામાં આવે છે



એકમ થી શરૂ કરીને આજે આસો સુદ આઠમ છે, એટલે કે નવરાત્રિ એનાં અંતિમ ચરણમાં છે, અને પ્રાચીન કે અર્વાચીન રીતે આ પ્રણાલી એટલે શ્રદ્ધા સંસ્કૃતિ કે પછી ફેશન અને સ્ટેટ્સ ની રીતે આગળ વધી રહી છે. ટૂંકમાં સંસ્કૃતિ ગત તહેવારથી માનનીય જીવનમાં ભક્તિ ભાવની વૃદ્ધિ થાય છે, અને એમ પણ કહી શકીએ,કે શરીર નામની બેટરી ચાર્જ થતાં સ્ફૂર્તિ આવે છે. ઈશ્વરીય અનુસંધાન વધતાં થોડી શાંતિ પણ અનુભવાય છે. મા જગદંબા પૃથ્વી નામનાં ગર્ભ ગોળામાં આવા તો કેટલાય જીવને સમાવીને બેઠી છે, અને દરેકના રસ, રુચિ, અને રંગ, અલગ અલગ હોવા છતાં, તે દરેકનું સમભાવે પોષણ કરી રહી છે. સામાન્ય રીતે નવદુર્ગા કે આધ્યશક્તિનું નામ પડતાં આંખો સામે જે સ્વરૂપ આવે તેમાં સિંહ કે વાઘ પર બેઠેલી, અને હાથમાં ખડ્ગ ત્રિશુલને તલવાર, કે અન્ય શસ્ત્ર ધારણ કરેલી મા જગતજનની દેખાય છે, અને એ વખતનાં દેશકાળ પ્રમાણે કદાચ એ જરૂરી પણ હોય! પરંતુ અત્યારે પ્રેમ યુગ ચાલી રહ્યો છે, એટલે કે શસ્ત્ર જે કામ કરી શકે નહીં, તે પ્રેમ કરી રહ્યું છે. હવે ઈશ્વરને નામે પણ જો ડરાવવામાં આવશે, તો જીવ ક્યાં જશે!! દુર્ગા અષ્ટમીનાં દિવસે નવદુર્ગાનું મહાગૌરી સ્વરૂપ હોય છે. મહાગૌરી એકદમ શાંત અને સૌમ્ય તથા દૂધ જેવો ઉજળો વર્ણ ધરાવતી માતા છે. તેનું વાહન પણ સિંહ, વાઘનું નથી, તે નંદી પર સવાર છે અને તેણે કોઈ ઘાતક શસ્ત્ર ધારણ કર્યા નથી. નંદીને ધર્મ નું પ્રતિક માનવામાં આવે છે, એટલે કે ધર્મનો સંદેશ આપી રહી છે. સકલ વિશ્વને ધારણ કરનારી માતા મહાગૌરીની પૂજા આરાધના કરવાથી ભક્તને પૂર્ણ એશ્વર્યના વરદાન આપે છે. આપણે આજે આવા જ માતા ભુવનેશ્વરીની વાત કરીશું.

સામાન્ય રીતે જોઈએ તો ભુવનેશ્વરી એટલે કે એનો અર્થ જ છે ભુવનોની સ્વામીની. આદિકાળથી મનુષ્ય બ્રહ્માંડમાં રહેલી શક્તિને કોઈ ને કોઈ સ્વરૂપે શ્રદ્ધાથી પૂજન કરતો આવ્યો છે. સર્વ સામાન્ય રીતે જાણી શકાય તેથી આ શક્તિઓ મુખ્યત્વે દશ ગણવિદ્યાના સ્વરૂપોમાં સમાયેલા છે. મા પાર્વતીની આ મહાશક્તિઓ સદાયે ધર્મનું, દુ:ખીજનોનું, અને પુણ્યનું રક્ષણ કરે છે. મા ભુવનેશ્વરી દશ મહાવિદ્યામાં ચોથી શ્રીકુલની શક્તિ છે. તેને સમસ્ત લોકની મહારાણી ગણવામાં આવે છે, અને જે સ્વયંભૂ છે, આવી સદાયે 'મણિદ્વીપ'માં નિવાસ કરતાં મા ભુવનેશ્વરીને 'રાજરાજેશ્વરી' કહેવાયા છે. કહેવાય છે કે તમામ સંજોગોને પોતાની ઈચ્છા દ્વારા બદલી શકે છે, અને તે સૌથી પ્રભાવશાળી તેમજ ત્વરિત ફળ આપનારાં મહાદેવી છે.

આવા ભુવનેશ્વરી માતાનાં આખા ભારતમાં બે જ મંદિર આવેલા છે, એક દક્ષિણમાં અને બીજું ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં ગોંડલ માં માતા ભુવનેશ્વરીનું અતિ પ્રાચીન મંદિર છે. આરસની પ્રતિમા માં માતા ભુવનેશ્વરી શોભે છે.

આ મંદિરની સ્થાપના ઈ.સ ૧૯૪૬માં થયેલી છે, મંદિરમાં માતાજીની પૂરા કદની શ્વેત આરસની મૂર્તિ મુદ્રામાં શોભે છે. મંદિરનાં પટાંગણમાં શ્રી ભુવનેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. બ્રહ્મલીન જગતગુરુ શ્રી ચરણ તીર્થ મહારાજશ્રીની ગાદીનાં દર્શન કરવા હજારો યાત્રાળુઓ અહીં આવે છે, મા ભુવનેશ્વરીને સમસ્ત સંસારના એશ્વર્યની સ્વામીની કહેવામાં આવે છે. માતાના વરદાન રૂપે ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે અને એ ઈશ્વરીય ગુણ છે, જે આંતરિક આનંદ નાં સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. આ એશ્વર્યની પરીધિ ખુબ જ નાની પણ છે, અને મોટી પણ, નાના સ્વરૂપ માટે સત્ય પ્રવૃત્તિઓ રૂપે ચર્ચા થાય છે, અને બીજું એશ્વર્ય ઉપાર્જિત સુમિત આનંદ આપનારી સ્થિતિ છે. પરંતુ ભુવનેશ્વરી એ ઉચ્ચ અવસ્થા છે, જ્યાં સમગ્ર સૃષ્ટિનું એશ્વર્ય તેનાં પોતાનાં અધિકારમાં છે. અહીં વૈશાખ વદ પાંચમના રોજ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઇ હતી, જે વર્ષ ૧૯૪૬ માં થઈ હતી. માત્ર ગુજરાતમાં જ નહીં દેશ-વિદેશમાં માઈ ભક્તો આ તિથિ એ યોજાતા પાટોત્સવમાં ભાગ લઈ દર્શનાર્થ માટે ઉમટી પડે છે. બે હજાર વર્ષ પહેલાં શંકરાચાર્ય શ્રી વિદ્યાલય સ્વામી આજનાં કર્ણાટક રાજ્યમાં તુંગભદ્રા નદીને કાંઠે મંદિર બાંધી ભુવનેશ્વરી દેવીની પ્રતિષ્ઠા કરી હતી, તે વખતે ભુવનેશ્વરી દેવીના પ્રભાવથી મલેચ્છોના તાબા માંથી ભારતનો ઉદ્ધાર થયો, અને દક્ષિણમાં સ્થપાયેલા બ્રાહ્મણી સામ્રાજ્યનું આધિપત્ય આખા હિન્દુસ્તાન ઉપર સ્થપાયું. ચાર વેદના ભાષ્ય પહેલાં ત્યારે જ થયા, અને વૈદિક સનાતન ધર્મની પતાકા ભારત ખંડમાં ફરકતી હતી. આ ઉપરાંત આ સંસ્થા સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, તેમજ માનવસેવાની, અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

શક્તિની ઉપાસના બે માર્ગ છે, મંત્ર ઉપાસના અને તંત્ર ઉપાસના. સામાન્ય રીતે આપણા જેવા સંસારીઓ બધા મંત્ર ઉપાસના એટલે કે જે તે શક્તિના સ્વરૂપનો એક અલગ મંત્ર હોય તે સ્મરણ કરી, અને તેની ઉપાસના કરતાં હોઈએ છીએ. અથવા તો કોઈ કર્મકાંડી વિધિથી યજ્ઞ વગેરે પણ કરી અને માતાજી કે શક્તિને પ્રસન્ન કરવાની કોશિશ કરીએ છીએ. તંત્ર માર્ગ એ થોડો હટકે છે, એટલે તેનું એક જુદું ગણિત અને વિધિ હોય છે,તે સાચું છે કે ખોટું તેમાં ન જતાં તેની જરૂર નથી, પરંતુ એ આપણા જેવા માણસો કે સંસારીઓને સમજાય નહીં તેવું જટિલ તથા વિચિત્ર પણ ક્યારેક લાગે, તો ક્યારેક એ મેલી રમત જેવું પણ સાબિત થાય છે. કારણ કે આજે પણ ૨૧મી સદીમાં તંત્ર સાધના કરનારા ઘણા બધા મળે છે, અને સમસ્યાના નિવારણ માટે કે સિદ્ધી આજનો માનવી સગાં દીકરા દીકરીનાં બલિદાન દેતાં પણ અચકાતો નથી. એટલે કે જીવતાં જીવની બલી, એ તંત્ર સાધનાનું મુખ્ય સાધન છે. મારા મતથી તો યજ્ઞમાં હવે લીંબુ કે કોળું કાપવું તે પણ હિંસક વૃત્તિ દેખાડે છે. એટલે એ પણ બંધ થવું જોઈએ, પ્રેમ એ એવી ઔષધિ છે, કે જેમાં સમસ્ત સંસારી ઓના રોગનું નિવારણ છે, પરંતુ પ્રેમ એ કોઈ શારીરિક સ્તરની વાત નથી, જે વાત થાય છે તે પરમ પ્રેમ એટલે આત્મા અને પરમાત્મા સાથેના મિલનની વાત છે. પરમાત્માનું સ્વરૂપ કે રૂપ આપણે જે માત્ર શ્રદ્ધા હોય તે પ્રમાણેનો કલ્પી અને તેની સાથે અન્યોન્યન સંબંધ બાંધવાનો હોય છે. કલ્પના કે ધારણાની વિચાર શક્તિ કે દોર જેટલી મજબૂત તેટલી આ સંબંધનું આયુષ્ય વધુ હોય છે. અંધશ્રદ્ધાને કારણે તંત્ર માર્ગને પ્રોત્સાહન મળે છે, જુના રિવાજ, પરંપરા, કે દ્રઢ માન્યતાઓ, જ્યારે જડ બને ત્યારે આવું બનતું હોય છે. સમયની સાથે કદમ મિલાવવા માટે, આ પ્રકારની રૂઢી તોડવી પડશે, તો જ આપણે વિશ્વના નકશામાં ભારતનું સ્થાન મજબૂત કરી શકીશું, બાળક ગમે તે રીતે માતાને બોલાવે તે સાંભળે જ છે, તેની માટે તેને પ્રશંસા કરવી જરૂરી નથી,કે નથી કોઈ ક્રિયા કાંડ કરવાની જરૂર! માતાનો સૌથી મોટો ગુણ એ છે કે મંગલકારી છે, અને સૌના જીવનમાં મંગલતા પથરાય અને સૌની જીંદગીમાં ખુશાલી લહેરાય એ જ તેની પ્રાધાન્યતા માં હોય છે. આપણી જાતને સાચી ખોટી માન્યતાથી દૂર રાખીશું તો એક ને એક દિવસ, મા આદ્યશક્તિ જરૂર કોઈને કોઈ રૂપે દર્શન દેશે જ! જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

નહિ જેવી વાતે વધુ એક બબાલ થઇ ગઇ, નિર્દોષ યુવાનની જિંદગી ફના થઇ ગઇ

પારકા ડખ્ખામાં યુવાનની હત્યા

હડમતીયાની ફેક્ટરીમાં બનાવઃ મૃતક મુળ બિહારનો વતની રાજકોટમાં સારવારમાં મૃત્યુઃ બીજી ઘટનામાં અવળી લાઇને છોકરો ચડીગયો છે એવુ કહેવાતાં રાતે બે વાગ્યે ઘરમાં ઘુસી ધમાલઃ કારમાં ઘોબા પાડી દઇ ધમકીઃ શાપરની ઘટનામાં પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૧૭

મારામારીની એક ઘટના હત્યામાં પરીણમી હતી. ટંકારાના હડમતીયા નજીક લજાઇ ચોકડી પાસે આવેલી પ્લાસ્ટીકની ફેક્ટરીમાં બે કર્મચારીઓ વચ્ચે કોઇ વાતે ધોકા ઉલળતાં તેમાં ત્રીજો કર્મચારી આ બંનેને છોડાવવા માટે વચ્ચે પડતાં તેને ઘા ફટકારી દેવામાં આવતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન આ યુવાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દેતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. હતયાનો ભોગ બનનાર યુવાન ચાર બહેનનો એકનો એક ભાઇ હતો.

વિગતો પર નજર કરીએ હડમતીયા લજાઇ ચોકડીએ આવેલી ફેક્ટરીમાં ત્રણ દિવસ પહેલા રાત્રે બે કર્મચારી વચ્ચે કોઇ વાતે ઝઘડો થતો હોઇ બંને એક બીજા સામે ધોકા ઉગામતાં હતાં ત્યારે મુળ બિહારનો એવો ત્રીજો કર્મચારી યુવાન આ બંનેને છોડાવવા વચ્ચે પડતાં તેને ધોકાના ઘા લાગી જતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન દમ તોડી દેતાં ટંકારા પોલીસે હત્યાની કલમો હેઠળ કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ટંકારાના હડમતીયામાં લજાઇ ચોકડી પાસે આવેલી મેઘાટોન પોલીમર્સ નામની કંપનીમાં કામ કરતો અને ત્યાં જ રહેતો મનોહરરાજ સંજયભાઇ મંડલ નામનો ત્રીસ વર્ષનો યુવાન ગત ચૌદમી તારીના રાતે રાતે અગીયારેક વાગ્યે કંપનીમાં હતો ત્યારે બે શખ્સો રાજ અને રોશન વચ્ચે કોઇ વાતે ઝઘડો થયા બાદ બંને ધોકા લઇ એકબીજા સાથે મારામારી કરી રહ્યા હતાં. આ વખતે બંનેને છોડાવવા મનોહરરાજ વચ્ચે પડતાં તેને માથામાં ધોકાના ઘા લાગી જતાં ગંભીર ઇજા થઇ હતી.

મનોહરરાજને લોહીલુહાણ હાલતમાં ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે મોત



નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મનોહરરાજ મુળ બિહારનો વતની હતો અને ચાર બહેનનો એકનો એક વચેટ ભાઇ હતો. તેને સંતાનમાં બે દિકરા છે. બનાવથી મજૂર



પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે વ્રિોષ કાર્યવાહી કરી હતી.

બીજી તરફ રાજકોટના શાપર વેરાવળમાં એસઆઇડીસી રોડ પર રહેતા અને વેરાવળ મેઇન રોડ પર ફુટવેરની દુકાન ધરાવતા મુળ ધોરાજીના મોટી વાવડી ગામના વેપારી ભરતભાઇ જીવરાજભાઇ વાળદીયા નામના વેપારીના ઘરે બે શખસોએ રાતે ઘરમાં ઘુસી ધમાલ મચાવી તોડફોડ કરી હતી અને ઘરના દરવાજા તેમજ કારમાં પણ ઘોકા ફટકારી ઘોબા પાડી દીધા હતાં. ભરતભાઇ નામના આ યુવાનએ પિતાની હાજરીમાં 'તમારો દિકરો અવળી લાઇનમાં છે' તેમ કહતાં ખાર રાખી કૌશિક ઉર્ફે કવો મુકેશભાઇ પરમાર અને અજાણ્યા શખ્સે રાત્રે બે વાગ્યે આ ધમાલ મચાવી હતી.

વિગતો જોઇએ તો આ મામલે ભરતભાઇ વાળદીયાએ શાપર વેરાવળ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, ગઇકાલે રાત્રે ઘરે પરિવાર સાથે સુતા હતા ત્યારે ઘરની બહાર બુમાબુમ થતા તેની પત્ની કંચનબેન દરવાજો ખોલીને જોતા આરોપી કૌશિક ઉર્ફે કવો હાથમાં પાઇપ સાથે ત્યાં ઉભો હતો આરોપીએ તેની પત્ની સાથે બોલાચાલી કરી ભરત કયા છે, આજે તેને મારી નાખવો છે તેમ ધમકી આપી હતી. આ સમયે કૌશિક સાથે અજાણ્યો શખ્સ પણ હતો તે પણ બેફામ ગાળો આપવા લાગ્યો હતો. ત્યારબાદ કૌશિકે ઘરમાં ઘુસી તે રૂમમાં હતો તેને દરવાજો અંદરથી બંધ હોવાથી દરવાજામાં કુહાડી અને પાઇપના ઘા કરી દરવાજો તોડી નાખી ગાળ આપવા લાગ્યો હતો.

થોડીવાર બાદ બહાર જઇ કૌશિકે ઘર બહાર પાર્ક કારમાં પાઇપના ઘા ઝીંકી કાચ તોડી નાખી તોડફોડ કરી ત્યાંથી ભાગી ગયો હતો. ભરતભાઇએ પોલીસને વધુમાં જણાવ્યું કે તે ગઇ કાલે રાત્રે આરોપી કૌશિકના પિતા મુકેશભાઇ સાથે પોતાની દુકાને બેઠા હતા આ સમયે આરોપી ત્યાં આવતા તેવો આરોપીના પિતાને 'તમારો દિકરો અવળી લાઇનમાં છે તેને સમજાવો' તેમ કહયુ હતું. જેનો ખાર રાખી આરોપીઓએ તેના ઘરમાં ઘુસી ધમકી આપી તોડફોડ કરી હતી. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

ચેક રીટર્ન કેસમાં માલિકને ૨૦ ટકા રકમ જમા કરાવવા કોર્ટનો હુકમ

અદાલતને ગેરમાર્ગે દોરવાનો આરોપીનો પ્રયાસ નિષ્ફળ; ૬૦ દિવસમાં રકમ જમા ન કરાવે તો મુશ્કેલી વધશે : અગાઉ ટ્રાયલ કોર્ટે ફટકારી હતી સાડા સોળ વર્ષની સજા

રાજકોટ, તા.૧૭

રાજકોટની 'રવી મેટલ ટ્રીટમેન્ટ'ના માલિક રમેશભાઈ રાચ્છ અને પુનાની 'અર્નવ એન્જીનીયર્સ'ના પ્રોપરાઈટર વૈશાલીબેન સીંદે વચ્ચેના આર્થિક વ્યવહારોમાં ચેક રિટર્નનો એક કેસ સામે આવ્યો છે. અગાઉ રમેશભાઈએ વૈશાલીબેનને જરૂરિયાત ઊભી થતાં આર.ટી.જી.એસ. મારફતે બેંક ટુ બેંક કુલ ૨ કરોડ રૂપિયા આપ્યા હતા, જેમાંથી માત્ર ૩ લાખ રૂપિયા જ પરત કરવામાં આવ્યા હતા. બાકીના ૧.૯૭ કરોડ રૂપિયા ચૂકવવા માટે આરોપીએ પ્રોમિસરી નોટ અને કરાર સાથે કુલ ૧૪ ચેકો આપ્યા હતા. જે બેંકમાં નાખતા રિટર્ન થયા હતા.

આ મામલે કાનૂની લડત દરમિયાન ૩ કેસોનું ૩૦ લાખમાં સેટલમેન્ટ થયું હતું, પરંતુ બાકીના ૧.૬૭ કરોડ રૂપિયાના ૧૧ કેસોમાં રાજકોટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપી વૈશાલી સીંદેને દોષિત ઠેરવી હતી. ટ્રાયલ કોર્ટે દરેક કેસમાં દોઢ વર્ષ એમ કુલ સાડા સોળ વર્ષની સજા ફટકારી હતી અને એક માસમાં ફરિયાદીને રકમ ચૂકવવાનો આદેશ કર્યો હતો. જો તેમ કરવામાં



કસૂર થાય તો વધુ છ માસની સજાનો હુકમ પણ ફરમાવવામાં આવ્યો હતો.

ટ્રાયલ કોર્ટના આકરા હુકમ સામે આરોપી પક્ષે રાજકોટ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. અપીલ દરમિયાન જામીન પર મુક્ત થતી વખતે કાયદા મુજબ ચેકની રકમના ૨૦ ટકા કોર્ટમાં ભરવા પડે છે, પરંતુ આરોપીએ રકમ ભરવામાંથી મુક્તિ મેળવવા માટે અદાલતમાં અરજી કરી હતી. આરોપી પક્ષે અદાલતને ગેરમાર્ગે દોરતા એવી રજૂઆત કરી હતી કે અગાઉ વિથડ્રો થયેલા ત્રણ કેસની રકમને જ આ ૨૦ ટકાની ડિપોઝિટ તરીકે ગણી લેવામાં આવે. જોકે, ફરિયાદી પક્ષના વકીલોએ આ દલીલનો સખત વિરોધ કરતા કોર્ટ સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે આરોપીના પતિએ જ ઉલટ તપાસમાં સ્વીકાર્યું છે કે ચેકો પેટે કોઈ જ રકમ ફરિયાદીને ચૂકવાઈ નથી, તેથી તે સેટલમેન્ટની જૂની રકમને વર્તમાન કેસની ડિપોઝિટ તરીકે બિલકુલ ગણી શકાય નહીં.

બંને પક્ષોની ઉગ્ર દલીલો અને રેકોર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લઈને રાજકોટના એડિશનલ સેશન્સ જજએ આરોપીની ૨૦ ટકા રકમ ન ભરવાની અરજી સખત શબ્દોમાં નામંજૂર કરી હતી. કોર્ટે ફરિયાદીની દલીલને માન્ય રાખીને આરોપીને ૧.૬૭ કરોડ રૂપિયાના ૨૦ ટકા રકમ ૬૦ દિવસની અંદર જમા કરાવવા માટે સીમાચિહ્નરૂપ આદેશ કર્યો છે. આ કાનૂની જંગમાં ફરિયાદી રમેશભાઈ રાચ્છ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ તેમજ તેમની ટીમમાં ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા અને અન્ય સહાયક વકીલો રોકાયા હતા.

રાજકોટ કલેકટરના અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની બેઠક : પી.જી.વી.સી.એલ., હાઇવે અને નેટવર્કના પાયાના પ્રશ્નો અંગે ત્વરિત તકેદારી લેવા આદેશ

લોકપ્રશ્નો ઉકેલો, કામગીરીમાં સ્પીડ લાવો

રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને ઓક્ટોબર માસની જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસ કાર્યો અને યોજનાકીય કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં કુવાડવા ખાતે પી.જી.વી.સી.એલ. કચેરીમાં મહેકમ વધારવા તેમજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન પ્રવાહ માટે નવા બિલ્ડિંગની માંગણી વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના પ્રશ્નો રજૂ કરાયા હતા, જેમાં આટકોટ-ગોંડલ સ્ટેટ હાઈવેની ક્ષતિગ્રસ્ત સ્થિતિ, અંબારડી અને સોમલપર ડેમમાં પાઈપલાઈન રીપેરીંગ, વિંછીયા ગામે કમ્યુનિટી હોલનું નિર્માણ, અજમેર ફીડરમાં વીજ પુરવઠાની નિયમિતતા તેમજ જસદણના પારેવાળા ગામમાં રમતગમત મેદાનની ફાળવણી સહિતના વિવિધ



પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી અને આ અંગે ત્વરિત જરૂરી પગલાં લેવા કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી.

આ બેઠકમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે પ્રેરણા પ્રવાસ, કન્ઝ્યુમર ક્લબ અને પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મ સહાય અંગે વિગતો મેળવી હતી, તેમજ રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રવર્તતી મોબાઈલ નેટવર્કની સમસ્યાના કાયમી સમાધાન વિશે ચર્ચા હાથ ધરી હતી. વધુમાં, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર મોવડી ગામ પાસેના માર્ગને ફોર લેનમાંથી સિક્સ લેન કરવા, બામણબોર ટોલ પ્લાઝા નજીક રસ્તા મરામતની કામગીરી હાથ ધરવા, સૂચિત સોસાયટીઓને રેગ્યુલાઇઝ કરવા તથા લોઠડા-પડવાલા-પીપલાણા ઔદ્યોગિક વિસ્તાર અંતર્ગત સિદ્ધેશ્વર અને વૃંદાવન સબ-સ્ટેશનમાં થતા પાવર ટ્રીપિંગના પ્રશ્નોના વહેલી તકે ઉકેલ લાવવા અધિકારીઓને સૂચવ્યું હતું. આ ઉપરાંત અંબિકા પાર્કમાં ગેસ કનેક્શન અને પાદરીયા ગામે ગામતળ માપણી, આધાર કીટ સહિતના વિવિધ મુદ્દાઓ પર પરામર્શ કરાયો હતો. આ બેઠકના અંતે કલેક્ટર દ્વારા સેવા સંકલ્પ અભિયાન હેઠળ વિવિધ વિભાગો દ્વારા સેવા સેતુ અંતર્ગત થયેલી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવામાં આવી હતી.

સામાનના પોટલા ફેંકતી વખતે આધેડ ગબડતા મોત

વતનમાં જવા માટે તૈયારી કરતા હતાં પણ પરલોકનું તેડુ આવી ગયુંઃ નીચી માંડલની ઘટનાઃ આધેડનું રાજકોટમાં મોત

રાજકોટ, તા.૧૭

ઉતાવળ ઘણીવાર માણસ માટે જોખબી બની જતી હોય છે. આવી જ એક ઘટના મોરબીના નીચી માંડલ ગામે બની હતી. અહિ રહતાં અને સિરામીક કંપનીમાં કામ કરતાં મુળ મધ્યપ્રદેશના આધેડ તેમને વતન જવાનું હોઇ ઉતાવળે ઉપરના માળેથી નીચે સામાનનો ઘા કરતાં હતાં ત્યારે બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં માથામાં ગંભીર ઇજાઓ થતાં મોત થયું હતું.

વધુ માહિતી જોઇએ તો નીચી માંડલ ગામે સંગા ટાઇલ્સ નામની ફેક્ટરીમાં રહેતાં અને કામ કરતાં અને ત્યાં ઉપરના પહેલા માળે રહેતાં વિરસિંહ દુર્ગાસિંહ બાદલ નામના પિસ્તાલીસ વર્ષના આધેડ પંદરમી ઓક્ટોબરના સાંજે સાડા સાતેક વાગ્યે પહેલા માળેથી નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ તેનું મૃત્યુ થતાં મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર વિરસિંહ ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં બે દિકરી છે. વતનમાં જવાનું હોઇ પેક કરેલા સામાનના પોટલા ઉપરથી નીચે ફેંકતી વખતે પાળી પાસે બેલેન્સ ગુમાવતાં પડી ગયાનું જણાવાયું હતું. આ બનાવથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ગઠીયાઓએ વધુ એક ખેડૂતની ખંખેરી લીધાઃ લોનના નામે ડામ દીધો

ફેસબૂકની રીલ જોઈ છેતરાઈ ગયા

બીજી ઘટનામાં સિરામીકના વેપારી સાથે ચુમાલીસ લાખની છેતરપીંડીઃ માલ મંગાવી લીધો પણ પેમેન્ટ કર્યું જ નહિ

રાજકોટ તા. ૧૭

સાયબર ગઠીયાઓ કોને ક્યારે શિકાર બનાવી લે તે નક્કી હોતું નથી. શેર બજારમાં રોકાણના નામે, ઘરે બેઠા ટાસ્ક પુરા કરી કમાણી કરવાના નામે તો ક્યારેક અન્ય ગતકડાનો ઉપયોગ કરી ફ્રોડ આચરી લેવામાં આવે છે. ત્યાં લોનના નામે વધુ એક ઠગાઇ ગઇ હતી. જેમાં એક વિંછીયાના સનાળી ગામે રહેતા ખેડૂત દશરથસિંહ નાનુભા ડોડીયા સાથે ઠગાઇ થઇ ગઇ હતી. ફેસબુકમાં લોનની જાહેરાત જોઇ પ્રોસેસ કરતાં જ તેઓ છેતરાઇ ગયા હતાં. બીજી તરફ સીરામીક પેઢીના વેપારી સાથે લાખોની ઠગાઇ થઇ હતી. માલ મંગાવી લીધા બાદ તેમને ચાલીસ લાખનું પેમેન્ટ ચુકવવામાં આવ્યું નહોતું.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો ખેડૂતે ફેસબૂક પર એક રીલ જોઇ હતી. જેમાં લોનને લગતી વિગતો હતી. ગુજરાત જોબ નામના યુઝરનેમ આઇ.ડી. ધારકે ધનલક્ષ્મી લોન ફાઇનાન્સમાંથી લોન અપાવી દેવાના બહાને ઓન લાઇન રૂા. ૭૫ હજાર ટ્રાન્સફર કરાવી લઇ છેતરપીંડી કર્યાની વિંછીયા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી. ભોગ બનેલા ખેડુત દશરથસિંહે પોલીસને જણાવ્યું કે તેઓ ઘરે હતા ત્યારે ફોનમાં ફેસબુકમાં ગુજરાત જોબ્સ નામની આઇ.ડી.માં ધનલક્ષ્મી લોન ફાઇનાન્સમાં સળતાથી મળવા સહિતની વિગતો સાથેની રિલ્સ આવી હતી. જેથી તેણે તેમા આપેલા વોટસએપ નંબર પર સંપર્ક કરતાં કોલ રીસીવ કરનાર અજાણ્યા હિન્દીભાષી શખ્સે તેના આધારકાર્ડ સહિતના ડોકયુમેન્ટ લઇ ૩ લાખની લોન મંજૂર થઇ ગઇ હોવાનું જણાવાયું હતું.

બાદમાં તેની પાસેથી પ્રોસેસીંગફી, જીએસટી વીમો, લેઇટ ફી વગેરેના નામે અલગ અલગ સમયે ઓનલાઇન કુલ રૂા. ૭૫,૮૭૦ જમા કરાવ્યા હતા. પરંતુ સોનની રકમ તેના ખાતામાં જમા નહી થતા તેણે આરોપીને કોલ કરતા તેણે લેઇટફી ભરવાનું કહેતા તેને લોન કરાવવી નથી. તેમ જણાવ્યુ હતું. જેથી આરોપીએ લોન કલઝ કરાવવા ૭૨ કલાકનો સમય લાગશે તેમ કહી પછી પૈસા પરત તમારા



ખાતામાં જમા થઇ જશે. તેમ કહ્યું હતું. પરંતુ પૈસા પરત નહી આવતા ઠગાઇ થયાની જાણ થતા અંતે ફરીયાદ નોંધાવી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો મોરબીના સિરામીક ઉદ્યોગમાં વધુ એક છેતરપીંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મુંબઇના એક શખ્સે મોરબીની સીરામિક ફેકટરીમાંથી ટાઇલ્સ મંગાવી પેમેન્ટ ન કરી ચુમાલીસ લાખની છેતરપીંડી કરી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું કે મોરબીના રંગપર ગામ પાસે આવેલી વેલેન્ઝા ગ્રેનીટો એલ.એલ.પી. નામની કંપનીના માર્કેટિંગ કર્મચારી પર મુંબઇથી એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર રજનીકાંતભાઈ પોપટભાઈ ખોખરે પોતાની પ્રખેતુ વેન્ચર્સ એલ.એલ.પી. નામની પેઢી હોવાની અને મુંબઈમાં મોટું કન્સ્ટ્રક્શન ચાલતું હોવાની ઓળખ આપી હતી. તેણે ક્રેડિટમાં ટાઇલ્સ ખરીદવાની ઈચ્છા દર્શાવી કંપની પાસેથી સેમ્પલ મંગાવ્યા હતા. સેમ્પલ પસંદ આવ્યા બાદ તેણે ૭૮૬૫ બોક્સ ટાઇલ્સનો ઓર્ડર આપ્યો હતો અને ૪૫ દિવસ પછી પેમેન્ટ ચૂકવવાનો વાયદો કર્યો હતો. સ્થાનિક પરિચય માટે તેણે મિલેનિયમ સિરામિકવાળાનો નંબર આપ્યો હતો.

જેના પર વાત કરતા તે વ્યક્તિએ પણ રજનીકાંતભાઈ વેપારી માણસ હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો. વ્યાપારીક વિશ્વાસ બેસી જતા કંપની દ્વારા અલગ-અલગ ડિઝાઈનના કુલ ૭૮૬૫ બોક્સ ટાઇલ્સ રાજ શક્તિ રોડવેઝ ટ્રાન્સપોર્ટ મારફતે મુંબઈ મોકલી આપવામાં આવ્યા હતા. આ માલની કુલ કિંમત ૪૪,૭૪,૯૮૫ રૂપિયા જેટલી થવા જાય છે. જોકે, ૪૫ દિવસનો સમય પૂર્ણ થયા બાદ પેમેન્ટ અંગે ઉઘરાણી કરવા માટે રજનીકાંતભાઈના મોબાઈલ નંબર પર વારંવાર ફોન કરવા છતાં ફોન સ્વીચ ઓફ આવતો હતો. વધુ તપાસ કરતા રેફરન્સ માટે આપેલા મિલેનિયમ સિરામિકવાળાનો મોબાઈલ નંબર પણ સતત બંધ આવતો હતો.

આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા ફેક્ટરીના ભાગીદાર ભરતભાઈ પ્રાગજીભાઈ છત્રોલાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ વધુ બે ઠગાઇ થઇ હતી. જેમાં એક ઓનલાઇન હતી તો બીજી ઓફલાઇન હતી. એકમાં હજારોનો લાભ ગઠીયાઓને થયો હતો. તો બીજી ઠગાઇમાં ચુમાલીસ લાખની છેતરપીડી થઇ ગઇ હતી.

કરેલા કરમ ભોગવવા પડેઃ નિર્દોષનો જીવ લેનાર શૂટર થઈ ગયો લંગડો

ગોલી માર દુંગા બોલી ભડાકા કરતા PSIએ પણ ગોળી મારી

સદ્ધનસિબે મીરઝાપુરના શૂટરના બે ફાયરમાં પોલીસના કોઇને પણ ઈજા ન થઈઃ પોલીસના ફાયરથી શૂટરનો ગોઠણ શૂટ થઈ ગયોઃ આ શૂટર સામે હવે પોલીસની હત્યાના પ્રયાસ, આર્મ્સ એક્ટનો અલગથી ગુનો એરપોર્ટ પોલીસમાં દાખલ થયો

રાજકોટ, તા.૧૭

જે કોઇ જેવા કર્મ કરે તેના ફળ તેને ભોગવવા પડે છે. શહેરમાં સોના ચાંદીની પેઢીના નિર્દોષ કર્મચારીની ગોળી મારી હત્યા કરી દોઢ કરોડની લૂંટ ચલાવનારા યુપીના દસ શખ્સોને રાજકોટ પોલીસે દબોચી લઇ રીમાન્ડ પર મેળવ્યા હોઇ વિશેષ તપાસ શરૂ થઇ હતી. આ દરમિયાન ગેંગનો શૂટર કે જેણે પેઢીના કર્મચારી પર ત્રણ ફાયર કરી હત્યા કરી હતી તેણે છુપાવેલુ હથીયાર કબ્જે કરવા પોલીસ તેને સાથે લઇને આર. કે. ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં ગઇ ત્યારે તેણે એક હથીયાર કાઢી આપ્યા પછી નજર ચુકવી એએસઆઇને ધક્કો દઇ બીજુ હથીયાર છુપાવેલુ હતું તે કાઢી પોલીસ સામે તાંકી તુમ લોગ નહિ ગયે તો ગોલી માર દુંગા કહી બે ભડાકા કર્યા હતાં. સામે પીએસઆઇના એક ભડાકામા આ શૂટરનો પગ શૂટ થઇ જતાં ખાટલા ભેગો થઇ ગયો છે તેની સામે વધુ એક ગુનો પણ દાખલ કરાયો હતો.

વિગતો જોઇએ તો શહેરના પોલીસ મથકના ગંભીર ગુનાની તપાસ સંદર્ભે રીમાન્ડ પર રહેલા યુપીના આરોપીને હથિયાર રિકવરી માટે હીરાસર એરપોર્ટ નજીક આરકે ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં લઈ જવામાં આવ્યો ત્યારે આરોપીએ હાથકડી સાથે ઉભેલા એએસઆઇને ધક્કો મારી નજીકમાં અગાઉ પોતે છુપાવી રાખેલુ બીજુ હથીયાર કાઢી 'તુમ લોગ યહાં સે નહિ ગયે તો ગોલી માર દુંગા' કહી ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ અને તેમની ટીમના સ્ટાફને મારી નાખવાના ઇરાદે બે ભડાકા કરતાં સ્વબચાવમાં પીએસઆઇએ પણ ફાયરીંગ કરતાં આ આરોપીને પગમાં ગોળી ખૂંચી જતાં દાખલ કરાયો છે. સદ્ધનસિબે પોલીસ ટીમનો બચાવ થયો હતો. આ બનાવમાં હત્યા-લૂંટમાં ફાયરીંગ કરનાર શૂટર યુપી મીરઝાપુરના શખ્સ વિરૂધ્ધ હવે હત્યાના પ્રયાસ આર્મ્સ એક્ટનો વધુ એક ગુનો દાખલ કરાયો હતી.

આ બનાવમાં ડીસીબી પીએસઆઇ વનરાજસિંહ દિલીપસિંહ ડોડીયા (ઉ.વ.૩૩)ની ફરિયાદ પરથી એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે એસીપી વી. બી. જાડેજા, પોલીસ ઇન્સપેકટર કે. પી. તરેટીયાએ યુપી ગાઝીપુર મીરઝાપુરના અનુરાગસિંગ ઓમપ્રકાશસિંગ રાજપૂત (ઉ.વ.૨૧) વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. પીએસઆઇ વી. ડી. ડોડીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે આજી જીઆઇડીસીમાં તન્વી એક્સપોર્ટ કંપનીના કર્મચારી લાલજીભાઇ સરધારા પર ફાયરીંગ કરી હત્યા નિપજાવી દોઢ કરોડના સોના-ચાંદીના લૂંટના બનાવમાં પકડાયેલા યુપીના ૧૦ આરોપીઓને પકડી લેવાયા પછી ધરપકડ બાદ તપાસ માટે સીટની રચના એસીપી બી. બી. બસીયાએ કરી હતી. જેમાં હું પણ સામેલ છું. પીઆઇ એ. એસ. ચાવડાએ અમને લેખીત હુકમ આપેલો કે રીમાન્ડ પરના આરોપી કે જેણે લાલજીભાઇ પર ફાયરીંગ કર્યા હતાં તે





અનુરાગસિંગ ઓમપ્રકાશસિંગની પુછતાછ થતાં તેણે ગુનામાં વાપરેલુ હથીયાર અન્ય જગ્યાએ છુપાવ્યું છે તેવુ કબુલ્યું છે અને તે આ જગ્યા બતાવવા તૈયાર છે.

જેથી તમે પંચને સાથે લઇ એ જગ્યાએ જઇ કાર્યવાહી કરો. જથી હું તથા મારી સાથે એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, એએસઆઇ દિગપાલસિંહ જુવાનસિંહ જાડેજા, હેડકોન્સ. રાજેશભાઇ જળુ, ગોપાલભાઇ બોળીયા સહિતના સરકારી વાહન લઇ ડ્રા. અનુભાઇ ચાવડા સાથે આરોપીને લઇ રવાના થયા હતાં. આરોપી અનુરાગસિંગે રાજકોટથી આગળ અમદાવાદ હાઇવે પર હીરાસર એરપોર્ટથી આગળ આર. કે. ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં હથીયાર છુપાવ્યાનું કબુલતાં અમે તેના કહેવા મુજબ આ રસ્તા પર આગળ વધ્યા હતાં. આર. કે. ઇન્ડસ્ટ્રીઝ આવતાં તેણે રોડ પર વાળવાનું કહી આગળ સો મીટર દુર ગાડી ઉભી રખાવી હતી. આ પછી તે અમને હાઇવેથી આશરે સો મીટર દૂર અંદર સિમેન્ટ રોડની જમણી બાજુ પચાસ મીટર દૂર લઇ ગયો હતો. જ્યાં બાવળની ઝાડીમાં પોતે ગુનામાં વાપરેલુ હથીયાર હોવાનું કહેતાં અમે ત્યાં બોરીડીના ઝાંખરામાં તપાસ કરતાં એક દેશી બનાવટની પિસ્તોલ અને તેનું મેગ્ઝીન મળી આવ્યા હતાં.

આથી અમે વેપન બોક્સમાં મકુી કાર્યવાહી કરતાં હતાં. આ વેપનની કિમત દસ હજાર ગણી કબ્જે કરાયું હતું. આ વખતે આરોપી અનુરાગસિંહના એક હાથમાં હાથકડી મારેલી હતી. આ હાથકડીનો બીજો છેડો એએસઆઇ અમિતભાઇ અગ્રાવતના હાથમાં હતો. આ વખતે અનુરાગસિંહે એએસઆઇ અમિતભાઇને ધક્કો દઇ પક્કડ છોડાવી લીધી હતી અને દસ પંદર ફુટ દુર બાવળ તરફ દોટ મુકી ત્યાં બીજુ હથીયાર સંતાડી રાખ્યું હોઇ તે કાઢીને તેણે મારી સામે તાંકીને કહ્યું હતું કે-તુમ લોગ યહાં સે નહિ ગયે તો ગોલી માર દુંગા. આથી મેં તેને હથીયાર નીચે મુકી સરન્ડર કરવાનું કહી સજમાવ્યો હતો. હું તેના તરફ આગળ વધતાં તેણે મારા ઉપર અને મારી સાથેના ટીમના માણસો પર બે રાઉન્ડ ફાયરીંગ કર્યા હતાં.

ત્રીજો ફાયર કરવા જતાં મેં સરકારી હથીયાર કાઢી સ્વબચાવમાં આરોપી તરફ પગમાં ફાયરીંગ કરતાં તેના જમણા પગના ઘૂંટણમાં ગોળી લાગી ગઇ હતી. આ પછી અમે તેનો જ શર્ટ કાઢી પગ પર બાંધી દઇ તુરત જ પોલીસ કન્ટ્રોલ રૂમને અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી. ૧૦૮ બોલાવી તેને સારવાર માટે ખસેડ્યો હતો. પંચનામા વખતે અનુરાગસિંગે એક પિસ્તોલ બતાવી હતી જે અમે કબ્જે કરી હતી. આ પછી તેણે એએસઆઇ અમિતભાઇને ધક્કો દઇ હાથ છોડાવી બીજી પિસ્તોલ છુપાવી હતી તે કાઢીને અમને મારી નાખવાના ઇરાદે ફાયરીંગ કર્યા હોઇ અમે પણ સ્વબચાવમાં એક રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. તેમ વધુમાં પીએસઆઇ વી. ડી. ડોડીયાએ જણાવતાં એસીપી વી. બી. જાડેજા, પીઆઇ કે. પી. તરેટીયાએ ગુનો નોંધ્યો છે. હાલ આરોપી સારવાર હેઠળ છે. રાતે ઘટનાની જાણ થતાં ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇ, ક્રાઇમ બ્રાંચ પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ તેમજ અન્ય પોલીસ કાફલો હોસ્પિટલે પહોંચ્યો હતો. થોરાળા પોલીસના મર્ડર-લૂંટના ગુનામાં દસ આરોપી ઝડપાયા બાદ ૪ દિવસના રીમાન્ડ મળ્યા હોઇ એક શૂટર અનુરાગસિંગને પંચનામા માટે લઇ જવાતા આ ઘટના બની હતી. જેમાં યુપી ગેંગના શૂટરનો પગ પોલીસની ગોળીથી શૂટ થઇ ગયો હોઇ હાલ તે ખાટલાભેગો થઇ ગયો છે.

માત્ર સગીરાઓ જ નહિ સગીરોને પણ હવસખોરોથી બચાવવા પડે તેવો માહોલ

તરૂણને છરી બતાવી ઢગાએ આચર્યું દૂષ્કર્મ

ક્રિકેટ રમતો હતો ત્યાંથી નજીકના ધાબે લઇ ગયો, ધમકાવીને સૃષ્ટિવિરૂધ્ધનું કૃત્યુ કર્યુઃ બીજી વાર પણ આવુ કરતાં અંતે બાળકે ઘરમાં જાણ કરીઃ બીજી ઘટનામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મઃ ફોટા પાડી લઇ બ્લેકમેઇલીંગઃ બીજે સગાઇ થતાં ધમકીઓ આપી

રાજકોટ તા. ૧૭

હવસખોરીના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. કોઇને કોઇ લેભાગુઓ સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને છેતરીને લગ્નના નામે આંબા આંબલી બતાવી દૂષ્કર્મ આચરી દગાખોરી કરતાં હોય છે. જો કે ઘણા વિકૃતો સગીરાઓ ઉપરાંત ઘણીવાર બાળકો-સગીરોને પણ હવસખોરીનો શિકાર બનાવી લેતાં હોય છે. આવી જ એક ઘટના બની હતી. જેમાં પંદર વર્ષના સગીરને એક હવસખોર છરી બતાવી ધાબા પર લઇ ગયો હતો અને સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી લીધુ હતું. સગીરને દુઃખાવો ઉપડતાં ઘરમાં જાણ કરી હતી. બાદમાં પોલીસ સુધી ઘટના પહોંચતા પોલીસે ગુનો દાખલ કરી હવસખોર ઢગાને ઝડપી લેવા તજવીજ આદરી હતી. બીજા બનાવમાં પંદર વર્ષની બાળાને પ્રેમજાળમાં ફસાવી હવસખોરે ફોટા પાડીલઇ બ્લેકમેઇલીંગ શરૂ કર્યુ હતું.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના અમરાઇવાડી વિસ્તારમાં પંદર વર્ષીય સગીર સાથે ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપીને સૃષ્ટિ વિરુદ્ધનું આચર્યું હતું. મેટ્રો સ્ટેશન નીચે અને ઘરની બહાર રમતો હતો ત્યારે જીમખાના તેમજ એસ્ટેટના ધાબા ઉપર લઈ જઈ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું આ બાબતે સગીરના પરિવારને જાણ થતા તેણે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી યુવકની ધરપકડની તજવીજ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને કડિયાકામ કરતા પરિવારનો ૧૫ વર્ષીય સગીર પુત્ર ઘર નજીક રહેતા દીપક ઉર્ફે લાલો મનસુખભાઈ પરમાર સાથે મિત્રતા ધરાવતો હતો.

બે મહિના અગાઉ સગીર જ્યારે અમરાઈવાડી મેટ્રો સ્ટેશન નીચે મિત્રો સાથે ક્રિકેટ રમતો હતો, ત્યારે આરોપી દીપક તેને લલચાવીને નજીકના સરકારી જાહેર જીમખાનામાં લઈ ગયો હતો. ત્યાં ડરાવી-ધમકાવીને તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. ત્યારબાદ આરોપીએ કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાથી ભયભીત સગીરે પરિવારને કંઈ જણાવ્યું નહોતું. ત્યારબાદ ફરી એક વખત રાતે સગીર સોસાયટીમાં રમી રહ્યો હતો ત્યારે આરોપી તેને સોસાયટી પાછળ આવેલા એસ્ટેટની અગાશી પર લઈ ગયો હતો. ત્યાં આરોપીએ ચપ્પુ બતાવી ફરીથી તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. બે વખત



આ કૃત્ય બાદ માનસિક ત્રાસ અનુભવી રહેલા સગીરે અંતે હિંમત ભેગી કરીને માતા-પિતા સમક્ષ જાણ કરી હતી. જેથી પરિવારજનોએ અમરાઈવાડી પોલીસ સ્ટેશન પહોંચી આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

દૂષ્કર્મની અન્ય ઘટના જોઇએ તો સ્તારમાં રહેતી સોળ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી કારમાં દુષ્કર્મ આચરવાનો અને અંગત પળોના ફોટા પાડી મંગેતરને મોકલી બ્લેકમેલ કરવાનો કિસ્સો સામે આવ્યો છે. સગીરાની સગાઈ તોડાવવાની ધમકી આપી વારંવાર શારીરિક સંબંધ બાંધવા દબાણ કરનાર આરોપી સામે સગીરાના પરિવારે નિકોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. કઠવાડા રોડ પર પરિવાર સાથે રહેતી સગીરાનો ચાર વર્ષ પહેલા એક લગ્નપ્રસંગ દરમિયાન નવરંગપુરાના રાજેશ અમરતભાઈ રાઠોડ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ અને ફોન પર વાતચીત શરૂ થતાં આરોપીએ લગ્નની લાલચ આપી હતી. બાદ આરોપી સગીરાને કઠવાડા ઈસ્કોન મંદિર પાછળ અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને ત્યાં શરીર સંબંધ બાંધ્યા હતા.

ત્યારબાદ એક દિવસ કારમાં લઈ જઈ તેની સાથે શારીરિક સંબંધ બાંધી મોબાઈલમાં અંગત પળોના ફોટા પાડી લીધા હતા. દરમિયાન સગીરાની અન્ય જગ્યાએ સગાઈ નક્કી થતાં આરોપી રાજેશે સગીરાના મંગેતરને અંગત ફોટા મોકલી આપી સગાઈ તોડાવી નાખવાની ધમકી આપી હતી. આરોપી કઠવાડા ગામના તળાવ પાસે આવ્યો હોવાની જાણ થતાં સગીરાના પિતા અને દાદા ત્યાં પહોંચ્યા ત્યારે આરોપીએ તેમની સાથે પણ ઝઘડો કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ મામલે સગીરાની માતાની ફરિયાદના આધારે નિકોલ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

અલગ અલગ કિસ્સામાં ત્રણ લોકોના અપમૃત્યુઃ મહિલા, યુવાને મરી જવાના પ્રયાસ કર્યા

દિકરાએ જન્મ સાથે જ ગુમાવી જનેતા!

મવડીની પરિણીતાનું ડિલીવરી બાદ આંચકી ઉપડતાં મોતઃ અન્ય બનાવોમાં પ્રૌઢ અને વૃધ્ધે બેભાન હાલતમાં દમ તોડ્યોઃ પતિના ત્રાસથી પરિણીતા ઝેર પી ગઇ, પૈસાની ખેંચથી કંટાળી યુવાન પી ગયો એસિડ

રાજકોટ, તા. ૧૭

જન્મ લેનાર દરેક માનવીનું મૃત્યુ નિશ્ચીત જ હોય છે. પરંતુ પરલોકમાંથી કોને ક્યારે તેડુ આવી જાય અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. આવી જ એક કરૂણ ઘટના એક પરિવારમાં બની હતી. મવડીમાં રહેતાં પરિવારના એક પરિણીતાએ દિકરાને જન્મ આપ્યાના થોડા જ કલાકો બાદ દમ તોડી દેતાં એક તરફ ઘરમાં નવા મહેમાનની પધરામણીથી ખુશખુશાલ બની ગયેલો પરિવાર બીજી જ ક્ષણે શોકમાં ધકેલાઇ ગયો હતો. દિકરાને જન્મ આપ્યા બાદ માતાને આંચકી ઉપડતાં સારવાર માટે દાખલ કરાઇ હતી. પરંતુ જીવ બચ્યો નહોતો. અપમૃત્યુના અન્ય બનાવમા એક પ્રૌઢ અને એક વૃધ્ધના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતા. જ્યારે બે બનાવમા યુવાન તથા પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો મવડી વિસ્તારમાં રહેતી પરિણીતાએ ગઇકાલે બપોરે દિકરાને જન્મ આપ્યા બાદ સાંજે તેણીને આંચકી ઉપડ્યા બાદ તેણીનું મોત નિપજતાં ગોંડલીયા-પ્રજાપતિ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિશેષ વિગતો અનુસાર મવડી બાપા સિતારામ ચોક માટેલ સોસાયટી-૧માં રહેતી અઠ્ઠાવીસ વર્ષની અંકિતાબેન દિવ્યેશભાઇ ગોંડલીયા નામની પરિણીતાને પ્રસુતિની પીડા ઉપડતાં શુક્રવારે સવારે ગોંડલની ખાનગી હોસ્પિટલમાં ડિલીવરી માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીએ સાંજે સાડા પાંચેક વાગ્યે સીજેરીયનથી દિકરાને જન્મ આપતાં ગોંડલીયા પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. પરંતુ ડીલીવરી પછી એકાએક માતા અંકિતાબેનની તબિયત બગડી હતી. તેણીને આંચકી ઉપડતાં વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ મોડી રાતે અહિ તેણીનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ મારફત પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોલીસે



ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર અંકિતાબેનના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતાં. પતિ દિવ્યેશભાઇ દામજીભાઇ ગોંડલીયા મેટોડા જીઆઇડીસીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. મૃતકના માવતર જામનગર રહે છે. એક તરફ ઘરમાં નવા મહેમાનની પધરામણીથી ગોંડલીયા પરિવાર ખુશખુશાલ હતો ત્યાં બીજી તરફ આ નવજાત બાળકની માતા જ દુનિયા છોડી જતાં કલ્પાંત સર્જાયો હતો. આમ એક તરફ કુદરતે આ પરિવારમાં ખુશી આપી હતી તો બીજી જ ક્ષણે શોકનો સમુન્દર ઘુઘવે એવો કુઠરાઘાત કર્યો હતો. નવજાતે જન્મ સાથે જ જનેતા ગુમાવી દીધી હતી.

બીજી ઘટના જોઇએ તો જામનગર રોડ વાલ્મીકી વાડી ક્વાર્ટરમાં રહેતાં ચોપન વર્ષના નરેન્દ્રભાઇ મોહનભાઇ ઝાલા રાતે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયુ હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં પ્રદ્યુમનનગર પોલીસે કાર્યવાહી કરી હતી. ત્રીજા બનાવમાં ગોંડલ રોડ સદભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં ઓગણસાંઠ વર્ષના રમણીકભાઇ રતિલાલભાઇ રાજપોપટ બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં માલવીયાનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાતના પ્રયાસની બે ઘટના જોઇએ તો રાજકોટ તાલુકાના હરિપર પાળ ગામે રહેતી ચાલીસ વર્ષની જ્યોત્સનાબેન સંજયભાઇ પરમાર નામની મહિલાએ ગઇકાલે ઘરેથી નીકળી ગયા બાદ હરિપર પાળના પાટીયાથી હરિપર જવાના રસ્તા પર જાહેરમાં ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરી હતી. જ્યોત્સનાબેનને સંતાનમાં પાંચ દિકરી અને એક દિકરો છે. પતિ રિક્ષા હંકારે છે. તેણીના કહેવા મુજબ રોજબરોજ પતિ દારૂ પી મારકુટ કરી હેરાન કરતો હોઇ કંટાળી જતાં ઘરેથી લાદી સાફ કરવાનું પ્રવાહી લઇને નીકળી ગઇ હતી અને તે રોડ પર પી લીધુ હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

બીજી ઘટનામાં અમરેલીના રાજુલાના વડનગર ગામે રહેતાં તેત્રીસ વર્ષના દીપકભાઇ રામજીભાઇ બાબરીયા નામના યુવાને ઘરે એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. દીપકભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં મોટો છે અને કડીયા કામ લાદી કામની મજૂરી કરી ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પૈસાની ખેંચ હોઇ કંટાળી જતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે રાજુલા પોલીસને જાણ કરી હતી. આમ ત્રણ લોકોના અપમૃત્યુ થયા હતાં. તો એક મહિલા અને એક યુવાને મરી જવાનો પ્રયાસ કર્યો હતો.

વિકૃતોને શૈતાનીયતઃ બિસ્કીટ અપાવવાની લાલચ દઇ બબ્બે વખત બળજબરી

દિવ્યાંગ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્યઃ વૃધ્ધ સાથે હનીટ્રેપ

તેર વર્ષના બાળક સાથે મામા-ફઇના દિકરાઓએ જ કૂકર્મ આચર્યુઃ બીજી તરફ ફેસબૂક ફ્રેન્ડ બનીને પાયલે વૃધ્ધને મળવા બોલાવી ટ્રેપમાં ફસાવી પચ્ચીસ લાખ ખંખેર્યા

રાજકોટ, તા. ૧૭

હવસખોરી વિકૃતીની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક મનોદિવ્યાંગ તેર વર્ષના બાળક સાથે તેનાજ મામા-ફઇના ભાઇઓએ સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય આચરી લેતાં ચકચાર મચી ગઇ હતી. આ માનસિક દિવ્યાંગને બિસ્કીટ ખવડાવવાની લાલચ આપી સાથે લઇ જઇ બળજબરી આચરી લેવાઇ હતી. પોલીસ સુધી ઘટના પહોંચતા કાર્યવાહી શરૂ થઇ હતી. બીજી ઘટનામાં નિવૃત વૃધ્ધ બેંક કર્મચારીને હનીટ્રેપમાં ફસાવી પચ્ચીસ લાખ પડાવી લેવાયા હતાં. ઓનલાઇન પાયલ નામની યુવતિએ મિત્રતા કરી તેને મળવા બોલાવ્યા હતાં. પરંતુ તે દસ જ સેકન્ડ યુવતિ સાથે બેઠા ત્યાં નકલી પોલીસ આવીગઇ હતી.

પ્રથમ કિસ્સાની વિગતો જોઇએ તો સુરતના ડીંડોલી વિસ્તારમાં માનવતા અને પવિત્ર પારિવારિક સંબંધોને કલંકિત કરતી અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. જેમાં માત્ર તેર વર્ષના માનસિક દિવ્યાંગ સગીર સાથે તેના જ મામા-ફોઇના ભાઇ થતા સંબંધીએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું છે. માનસિક રીતે અસ્વસ્થ એવા નિર્દોષ બાળકને નિશાન બનાવી પારિવારિક વિશ્વાસની આડમાં આચરવામાં આવેલા આ કૃત્યથી ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ડીંડોલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને આરોપી સંબંધીની ધરપકડ કરી લીધી હતી.



પોલીસે કહ્યું કેભોગ બનનાર બાળક અને આરોપી બંને નજીકના સંબંધી હોવાથી એકબીજાના ઘરે આવરો-જાવરો ધરાવતા હતા. સંબંધમાં મામા-ફઇના ભાઈ થતા હોવાને કારણે પરિવારે પણ તેના પર ભરોસો રાખ્યો હતો.

આરોપી આ માસુમ બાળક કંઈક પૈસા માગતો હોવાથી તેને બિસ્કિટ અપાવી દેવાના બહાને વિશ્વાસમાં લઈને લલચાવી-ફોસલાવી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં ઘરમાં કોઈની હાજરી ન હોવાનો ગેરલાભ ઉઠાવીને તેણે આ ૧૩ વર્ષના અસહાય અને માનસિક રીતે અસ્વસ્થ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું અમાનવીય કૃત્ય આચર્યું હતું. આ અત્યાચાર બાદ ભોગ બનનાર બાળકે હિંમત દાખવીને સમગ્ર આપવીતી પોતાની માતાને જણાવી હતી. બાળકની વાત સાંભળીને પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો અને માતાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા અને અપરિણીત એવા આરોપી સંબંધી સામે ડીંડોલી પોલીસે કડક કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેને ઝડપી પાડ્યો હતો અને કાર્યવાહી કરી હતી.



બીજી એક ઘટના જોઇએ તો અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં રહેતા ત્રેસઠ વર્ષીય નિવૃત્ત બેંક કર્મચારીને સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા ભારે પડી છે. ફેસબુક પર તેમનો પાયલ નામની એક યુવતી સાથે સંપર્ક થયો હતો. બંને વચ્ચે ઓનલાઈન વાતચીત બાદ મિત્રતા થઈ હતી, જે બાદ પાયલે વૃદ્ધને મળવા માટે દહેગામ રોડ પાસે બોલાવ્યા હતા. વૃદ્ધ જ્યારે દહેગામ રોડ પહોંચ્યા ત્યારે પાયલ તેમની ગાડીમાં આવીને બેઠી હતી. જોકે, ગણતરીની સેકન્ડોમાં જ એક બાઈક પર બે શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા.

આ બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને વૃદ્ધને ડરાવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે પાયલનું નામ માદક પદાર્થના કેસમાં બોલે છે અને હવે આ કેસમાં તમારું પણ નામ આવશે. આ પ્રકારે ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને તેમણે અલગ-અલગ દિવસે કુલ ૨૪ લાખ રૂપિયા વૃદ્ધ પાસેથી પડાવી લીધા હતા. મોટી રકમ પડાવી લીધા બાદ લાંબા સમય સુધી આ ટોળકીએ વૃદ્ધનો સંપર્ક કર્યો ન હતો. પરંતુ બાદમાં ફરીથી વૃદ્ધનો સંપર્ક કરી વધુ ૭ લાખ રૂપિયાની માંગણી કરી.

આખરે ત્રાસી ગયેલા વૃદ્ધે પોતાના દીકરાને સમગ્ર હકીકત જણાવી દીધી. ત્યારબાદ ટોળકીને પકડવા માટે વૃદ્ધ તેમને ૧ લાખ રૂપિયા આપવા માટે તૈયાર થયા હતાં. વૃદ્ધ જ્યારે પકવાન સર્કલ પાસે પૈસા આપવા ગયા ત્યારે ત્રણ શખ્સો ત્યાં આવ્યા હતા. વૃદ્ધે તેમની પાસે એવી માંગણી કરી કે મને લેખિતમાં આપો કે હવે આ કેસ પૂરો થઈ જશે. આ સાંભળતા જ બે શખ્સો ત્યાંથી નાસી છૂટ્યા, જ્યારે એક શખ્સે વૃદ્ધ પાસેથી ૧ લાખ રૂપિયા લઈ લીધા. વૃદ્ધે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા પોલીસે રસ્તાઓ કોર્ડન કર્યા. ઝોન સાત એલસીબી પીએસઆઇ એચ.આર વાઘેલાની ટીમે વૃદ્ધના વર્ણન મુજબના એક વ્યક્તિને બેગ અને ૧ લાખ રૂપિયા રોકડા સાથે ઝડપી પાડ્યો. પોલીસ તપાસમાં ઝડપાયેલા આરોપીની ઓળખ અલ્પેશ સોલંકી તરીકે થઈ છે. તે તેના અન્ય બે સાગરીતો કિશન ઉર્ફે કાનો પરમાર અને લાલો છે જે બોટાદ, મહેસાણાના વતની હોવાનું ખુલતાં શોધખોળ શરૂ કરાઇ હતી.

મહિલાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્જેક્શન થયાના મેસેજ આવતાં તપાસ કરતાં ફ્રોડ થયાની ખબર પડી

APK ફાઈલ મોકલી ૪ લાખ ઉસેડ્યા

વ્હોટ્સએપમાં આવેલી લિંક મહિલાએ ઓપન કરતાં જ ફોન હેક થઇ ગયો હતો અને પછી ફોન રીસ્ટાર્ટ થઇ ગયો હતોઃ આ પછી અલગ અલગ ત્રણ ટ્રાન્જેકશન કરી ગઠીયાઓએ રોકડા પડાવી લીધા

રાજકોટ તા. ૧૭

સાયબર ક્રાઇમના બની રહેલા અનેકાનેક કિસ્સાઓ વચ્ચે વધુ એક વખત સાયબર ગઠીયાઓ એપીકે ફાઇલનો ઉપયોગ કરી પોણા ચાર લાખથી વધુની રકમ ઉસેડી ગયા છે. વ્હોટસએપ પર એક મહિલાને ફાસ્ટેગની એપીકે ફાઇલ મળી હતી. જે ઓપન કરતાં જ બેંક એકાઉન્ટમાંથી રોકડા ગાયબ થઇ ગયા હતાં. અવાર-નવાર આ પ્રકારના તુક્કા અજમાવી સાયબર ગઠીયાઓ શિકાર શોધતા રહે છે અને ગામને છેતરી લેવામાં સફળ પણ થતાં રહે છે. આવી જ આ ઠગાઇમાં મહિલા ભોગ બની ગયા હતાં અને નાણા ગુમાવી દીધા હતાં. સાયબર ક્રાઇમ પોલીસે રાબેતા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં સાયબર ઠગબાજોએ હવે જ્યુર્વી સર્વિસના નામે મોબાઇલ હેક કરી બેંક ખાતાં ખાલી કરી નાંખ્યું છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી ત્રેપન વર્ષીય મહિલાના વોટ્સએપ પર ફાસ્ટેગ સર્વિસ એપીકે નામની ફાઇલ આવી હતી. ઉતાવળમાં તેમણે આ લિંક ઓપન કરતાં જ મોબાઇલ હેક થઇ ગયો હતો. ત્યારબાદ મહિલાના કેનેરા બેંકના ખાતામાંથી એક જ દિવસે ત્ર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૩.૮૯ લાખ ઉપડી ગયા હતા. વધુ માહિતી અનુસાર ગોરવા વિસ્તારમાં રહેતી ૫૩ વર્ષીય મહિલાએ નોધાવેલી ફરિયાદ મુજબ મહિલા તેમના પતિ અને સાસુ-સસરા સાથે રહે છે. તેમના પતિ ગોરવા વિસ્તારમાં દુકાન ધરાવે છે.

તેમનું કેનેરા બેંકમાં બચત ખાતું છે. બપોરે આશરે બે વાગ્યે તેમણે ગૂગલ પે પર ખાતાનું બેલેન્સ ચેક કરતાં બેલેન્સ દેખાતું



ન હતું. જેથી તેઓ કેનેરા બેંકની ગોરવા શાખામાં પહોંચ્યાં હતાં. બેંકમાં બેલેન્સ તપાસતાં અને સ્ટેટમેન્ટ કઢાવતાં ખાતામાંથી મોટી રકમ ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું. બેંક સ્ટેટમેન્ટ મુજબ પ્રથમ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૨.૧૯ લાખ બીજા ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૧ લાખ અને ત્રીજા ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૭૦ હજાર ઉપાડી લેવામાં આવ્યા હતા. આમ રૂ.૩.૮૯ લાખની રકમ ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા કપાઈ ગયા હતા. ત્યારબાદ મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરતાં તેમના મોબાઈલની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન મોબાઇલ હેક થયો હોવાનું અને તેમાં ફાસ્ટેગ સર્વિસ એપીકે નામની ફાઈલ મળી આવી હોવાનું જાણવા મળ્યું હતું. આ ફાઈલ જુલાઇ મહિનામાં એક મોબાઇલ નંબર પરથી તેમના વોટ્સએપ નંબર પર મોકલવામાં આવી હતી. જોકે, તે સમયે આવી ફાઇલ મોકલવામાં આવી હોવાની તેમને જાણ નહોતી. આ મામલે મહિલાએ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર પણ જાણ કરી હતી. પોલીસ ખાતામાંથી ઉપાડેલા નાણાં જે બેંક ખાતામાં ટ્રાન્સફર થયા છે તે ખાતાધારકો તથા આ ગુનામાં સંડોવાયેલા અન્ય લોકો સામે કાર્યવાહી કરવા ઈ-એફઆઈઆર નોંધાવી હતી. આમ વધુ એક વખત સાયબર ગઠીયાઓ એપીકે ફાઇલનો ઉપયોગ કરી લાખો રૂપિયા ઉસેડી લેવામાં સફળ થયા હતાં. આવા ફ્રોડથી બચવા માટે કોઇપણ અજાણી આવી લિંક-એપીકે ફાઇલ આવે તો તેને ઓપન કરવી નહિ. આવી ફાઇલ નજરે ચડે તો ઉતાવળે પગલુ ભરવાને બદલે નિરાંતે પહેલા તપાસ કરવી પછી જ ઓપન કરવી જોઇએ. જેથી આવી ગઠીયાગીરીથી બચી શકાય.

લાલચનું ગાજર લેવા જતાં રોજબરોજ લોકો બની જાય છે ગઠીયાગીરીનો ભોગઃ વધુ બે ઘટના

સસ્તામાં મકાનના નામે વેપારીને ૧૮ લાખનો ડામ

બીજી ઘટનામાં બેંકે સીઝ કરેલી મિલ્કત સસ્તા ભાવે ખરીદવાની લ્હાયમાં એક કરોડ પંદર લાખ ગુમાવી દીધાઃ લોન એજન્ટની ઓળખ આપી ઠગાઇ



રાજકોટ તા. ૧૭

રોજેરોજ ગઠીયાઓ ગમે તેને ગમે તેમ કરીને છેતરી લેતાં હોય છે. ઓનલાઇન ઓફલાઇન ઠગાઇના કિસ્સાઓ એક ભુલો ત્યાં બીજા ચાર પાંચ હાજર હોય છે. આવી વધુ એક છેતરપીંડી સસ્તા મકાનની લાલચ આપીને કરી લેવાઇ હતી. જેમાં દૂધના વેપારી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સસ્તુ મકાન લેવા જતાં સત્તર લાખ પંચોતેર હજાર ગુમાવી દીધા હતાં. તેમને સબ રજીસ્ટ્રાર કચેરીના નકલી સીલ બતાવી ખોટા કાગળો બતાવી છેતરી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરામાં બની હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સસ્તા ભાવે મકાન અપાવવાની લાલચ આપીને દૂધના વેપારી સાથે રૂ. ૧૭.૭૫ લાખની છેતરપિંડી થઈ હતી. આરોપીએ સબ રજિસ્ટ્રાર કચેરીના બોગસ સીલ અને નકલી દસ્તાવેજો બનાવી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. નાણાં પરત માગતાં આપેલા ચેક પણ બેંકમાંથી બાઉન્સ થતાં આખરે કપુરાઈ પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી અનુસાર ગાજરાવાડી વિસ્તારમાં રહેતા અને ડભોઈ રોડ પર બરોડા ડેરીનું કેન્દ્ર ચલાવતા સુરેશભાઈ ગુમાને ખટંબા અર્બન રેસિડેન્સીમાં મકાન લેવું હતું. દરમિયાન સેવાસી રોડ પર રહેતા જીલ અશોકકુમાર બારોટનો સંપર્ક થયો હતો,

તેણે આવાસ યોજનામાં કામ કરાવતો હોવાનું જણાવ્યું હતું. જીલ બારોટે બે મકાન બતાવી મકાન દીઠ રૂ. અગીયાર લાખ લેખે કુલ રૂ. ૨૨ લાખમાં સોદો નક્કી કર્યો હતો અને ટોકન પેટે સાત લાખ રૂપિયા લઇ લીધા હતાં. ત્યારબાદ અવારનવાર આરટીજીએસ મારફતે રકમ મેળવી આરોપીએ રૂ. ૧૭.૭૫ લાખ પડાવી લીધા હતા. બાદમાં મકાન રજિસ્ટર થઈ ગયાનું જણાવી સમા સબ રજિસ્ટ્રાર કચેરીના બોગસ સીલવાળી પહોંચો આપી હતી. સુરેશભાઈએ કચેરીએ ઝભરૂ તપાસ કરતાં તમામ કાગળો નકલી હોવાનું ખૂલ્યું હતું. છેતરપિંડીનો પર્દાફાશ થતાં પરત આપેલા રૂ. ૧૧ લાખ અને રૂ. ૬.૭૫ લાખના ચેક પણ બેંકમાંથી રિટર્ન થયા હતા. વેપારીની ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે આરોપી સામે ગુનાહિત કાવતરૂ અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં વડોદરામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં લોન એજન્ટ તરીકેની ખોટી ઓળખ આપીને કન્સ્ટ્રક્શન વેપારી સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. બેંક દ્વારા સીઝ કરાયેલી મિલકતો વગર હરાજીએ અપાવવાની લાલચ આપીને આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેમાં ફરિયાદી સાથે રૂપિયા ૧.૧૫ કરોડથી વધુની છેતરપીંડી કરી હતી. પોલીસે જણાવ્યું કે આરોપી કૌશિકભાઈ પટેલ દ્વારા કન્સ્ટ્રક્શન વેપારી નિલેશ ગોવિંદભાઈ પટેલ સાથે પોતે એસબીઆઈ બેંકમાં લોન એજન્ટ તરીકે નોકરી કરતા હોવાની ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ બેંકમાં એનપીએ થયેલ અને સીઝ થયેલી અલગ-અલગ મિલકતો બતાવીને તે મિલકતો વગર હરાજીએ સીધી અપાવી દઈશ તેવો વિશ્વાસ અપાવ્યો હતો. આરોપીએ ફરિયાદી પાસેથી મિલકતો ખરીદવાના નામે અલગ-અલગ સમયે પોતે તથા પોતાના પરિચિત મિત્રોના ખાતાઓમાં આરટીજીએસ અને એનઈએફટી દ્વારા કુલ રૂ.૧,૩૯,૯૭,૦૦૦ જમા કરાવડાવ્યા હતા. આ રકમ બેંકમાં જમા થઈ ગયાની ખાતરી આપવા માટે એસબીઆઈ બેંકના લેટરપેડ પર ખોટી સહીઓ કરી બનાવટી રસીદો, ડેબિટ-ક્રેડિટ વાઉચરો અને મિલકતોના હરાજીના ખોટા ઓક્શન લેટરો તૈયાર કરીને ફરિયાદીને વિશ્વાસમાં રાખ્યા હતા.

આ ઉપરાંત મિલકતોના દસ્તાવેજ કરવા માટે સ્ટેમ્પ ડ્યુટી પેટે ટુકડે-ટુકડે રોકડા રૂ. ૧૫,૧૨,૦૦૦ પણ વસૂલવામાં આવ્યા હતા, જેથી કુલ મળીને રૂ. ૧,૫૫,૦૯,૦૦૦ જેટલી માતબર રકમ ફરિયાદી પાસેથી પડાવી લેવામાં આવી હતી. તે બાદ બેંક દ્વારા જમા કરાવેલ રકમ કરતાં વધુ રકમ પરત મળશે તેમ જણાવી અન્ય વ્યક્તિઓના નામના ચેક આપવામાં આવ્યા હતા, જે બેંકમાંથી બાઉન્સ થઈને પરત ફર્યા હતા અને નક્કી કર્યા મુજબ મકાનનો વેચાણ દસ્તાવેજ પણ કરી આપવામાં આવ્યો ન હતો. બાહેધરી ખતના લખાણનું પાલન નહીં કરી આરોપીએ અત્યાર સુધીમાં માત્ર રૂ. ૩૯,૫૦,૦૦૦ જેટલી જ રકમ પરત આપી છે. બાકી નીકળતી રૂ. ૧,૧૫,૫૯,૦૦૦જેટલી મોટી રકમ આજદિન સુધી વારંવાર માંગણી કરવા છતાં પરત આપવામાં આવી નથી. ઉલટાનું, નાણાં માંગતા આરોપી દ્વારા ફરિયાદીને ધાક-ધમકીઓ આપી હીત. હરણી પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

નોટિસનું નાટક અને વહીવટ કાયમ

કોન્ટ્રાક્ટરો પર અધિકારીઓની છત્રછાયા!

જનરલ બોર્ડમાં શાસક પક્ષના જ કોર્પોરેટરોએ અધિકારીઓને હંફાવ્યા : ૧૧-૧૧ નોટિસો છતાં નથી લેવાયો એક રૂપિયાનો પણ દંડ!

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં વિકાસ કામોના નામે મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાના અને અધિકારીઓ-કોન્ટ્રાક્ટરો વચ્ચે 'ટેબલ નીચેના સેટિંગ' ચાલતા હોવાના ગંભીર આક્ષેપો સાથે જનરલ બોર્ડની સભામાં ભારે ધમાસાણ મચ્યું હતું. ટાઉન પ્લાનિંગ શાખાની જેમ હવે સિટી ઈજનેર અને વહીવટી શાખામાં પણ નોટિસો આપવાનું માત્ર નાટક કરીને નબળું કામ કરતી ખાનગી એજન્સીઓને છાવરવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો છે. વિશેષ વાત એ છે કે આ વખતે વિપક્ષ નહીં, પરંતુ શાસક પક્ષ ભાજપના જ નગરસેવકોએ પોતાના જ તંત્ર સામે મોરચો માંડીને અધિકારીઓની બોલતી બંધ કરી દીધી હતી. જનરલ બોર્ડની પ્રશ્નોત્તરીમાં ભાજપના નગરસેવક રક્ષિત કલોલા, મનિષ ભટ્ટ અને અશ્વિનભાઈ ભોરણિયાએ મનપાના અધિકારીઓ પર ધારદાર સવાલોનો મારો ચલાવ્યો હતો. અધિકારીઓ વારંવાર નોટિસ આપ્યાનો કાગળ પરનો દેખાડો કરે છે, પરંતુ દંડકીય કે આકરી કાર્યવાહી કરવાના નામે મીંડું મૂકી દે છે. આ તકે સિટી ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓ કોઈ પણ સંતોષકારક ઉત્તર આપી શક્યા નહોતા અને સભામાં ગેં-ગેં-ફેં-ફેં થઈ ગયા હતા.શાસક પક્ષના જ સભ્યો દ્વારા આ રીતે મનપાના ભ્રષ્ટ વહીવટના ચીંથરા ઉડાડવામાં આવ્યા બાદ હવે કમિશનર આ અધિકારીઓ અને છૂટો દોર પામેલા કોન્ટ્રાક્ટરો સામે કેવા આકરાં પગલાં લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની આ ખુલ્લી મિલિભગત સામે વિપક્ષ નહીં પરંતુ ખુદ શાસક પક્ષ ભાજપના જ નગરસેવક રક્ષિત કલોલાએ મોરચો માંડ્યો હતો. જનરલ બોર્ડની પ્રશ્નોત્તરીમાં તેમણે પૂછેલા ધારદાર અને તથ્યસભર સવાલોના ચક્રવ્યૂહમાં સિટી ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓ બરોબરના ભીંડાઈ ગયા હતા. વારંવાર નોટિસો આપવા છતાં દંડકીય કે આકરી કાર્યવાહી કેમ ન કરવામાં આવી? તેવા ધારદાર સવાલો સામે અધિકારીઓ જવાબ આપવામાં ગેંગેંફેંફેં થઈ ગયા હતા અને કોઈ સંતોષકારક ઉત્તર આપી શક્યા નહોતા. રક્ષિત કલોલા ઉપરાંત શાસક પક્ષના અન્ય નગરસેવકો મનિષ ભટ્ટ અને અશ્વિનભાઈ ભોરણિયા સહિતના સભ્યો પણ આ જ મુદ્દે અધિકારીઓ અને વહીવટી શાખા પર આક્રમક રીતે તૂટી પડ્યા હતા. નગરસેવકોએ ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કાગળ પર નોટિસો આપીને માત્ર સંતોષ માની લેવાય છે અને આડકતરી રીતે કમજોર કામગીરી કરતા કોન્ટ્રાક્ટરોને છાવરવામાં આવે છે. શહેરમાં નબળા રોડ-રસ્તા અને પાઇપલાઇનની ધીમી કામગીરીથી પ્રજા હેરાન થાય છે, જ્યારે બીજી તરફ મનપાના અધિકારીઓ નોટિસના નાટકો કરીને ટેબલ નીચેના વ્યવહારો સાચવવામાં મશગૂલ હોવાનો ઘાટ સર્જાયો છે.



નોટિસ વિથ 'નો પેનલ્ટી' : ચોંકાવનારા કિસ્સા

શહેરમાં ડામર રોડનું કામ કરતી આ એજન્સીને તંત્ર દ્વારા ૧૧-૧૧ નોટિસો ફટકારવામાં આવી! છતાં અધિકારીઓએ તેની સામે એક ફદિયાની પણ પેનલ્ટી વસૂલવાની હિંમત દર્શાવી નથી. કરોડો રૂપિયાનો પાઇપલાઇન નાખવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી આ એજન્સીને ૮-૮ નોટિસો અપાઈ. તેમ છતાં બ્લેકલિસ્ટ કે દંડ કરવાની જગ્યાએ અધિકારીઓએ તેની પ્રતી શંકાસ્પદ 'વહાલસોયી' ઓથ જાળવી રાખી છે. સભામાં નગરસેવકોએ ખુલ્લો આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓ પોતાનો ચહેરો અને ખુરશી બચાવવા માટે કાગળ પર નોટિસો આપવાની ચાલ ચલે છે. જેમ ગેરકાયદે બાંધકામમાં અઝડ શાખા ૨૬૦(૧) અને ૨૬૦(૨) ની નોટિસોનું નાટક કરે છે, બિલકુલ એ જ રીતે કોન્ટ્રાક્ટ કામોમાં થાય છે. એજન્સી સાથે ટેબલ નીચેનો વહીવટ અગાઉથી નક્કી જ હોય છે. જ્યારે એજન્સી ક્લચમાં આવે અથવા કામમાં વિલંબ થાય, ત્યારે તપાસથી બચવા માત્ર કાગળ પર નોટિસ ફટકારી દેવાય છે જેથી ઓન-પેપર કાર્યવાહી દેખાય અને અંદરખાને સેટિંગ સચવાઈ રહે.

બ્લેકલિસ્ટેડ કંપનીઓ માટે 'પાછલો બારણો' ખુલ્લો!

બ્લેકલિસ્ટ કરાયેલી એજન્સીઓ સામે પણ કાગળ પર જ કાર્યવાહી થતી હોવાનો આક્રોશ વ્યક્ત કરાયો હતો. બ્લેકલિસ્ટેડ કંપનીઓ માટે ચોક્કસ છટકબારીઓ રાખીને પાછલા બારણેથી તેમને ફરી કામ સોંપી દેવામાં આવે છે. ઓન-પેપર પરિપત્રો અલગ હોય છે અને જમીન પર કામ કરતી એજન્સીઓ અલગ હોય છે. નગરસેવક રક્ષિત કલોલાએ કઈ એજન્સીને કેટલા સમય માટે બ્લેકલિસ્ટ કરાઈ છે તેનો લેખિત હિસાબ માગી તંત્રને ભીંસમાં લીધું છે.

પ્રોગ્રેસ રિપોર્ટ વગરનો વહીવટ

કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડતી છઇ પાસે કોન્ટ્રાક્ટર કામ કઈ રીતે અને કેટલા સમયમાં પૂરું કરશે તેનો કોઈ પ્રોગ્રેસ ચાર્ટ કે શિડ્યુલ હોતું જ નથી! પરિણામે, કોન્ટ્રાક્ટરો મનફાવે ત્યારે કામ શરૂ કરે છે અને ધીમી ગતિએ કામ ખેંચ્યા કરે છે. જ્યારે મુદત પૂરી થવા આવે ત્યારે ''લોટ, પાણી ને લાકડા'' કરીને નબળું કામ પતાવી દેવામાં આવે છે. આ ધીમી અને લોટપોટ કામગીરીના કારણે સામાન્ય જનતા રસ્તા અને પાણી માટે હેરાન થાય છે, જ્યારે અધિકારીઓ ટેબલ નીચેના વ્યવહારો સાચવવામાં મશગૂલ રહે છે.

સસ્તા અનાજની વ્યવસ્થા વધુ વેગવંતી

લાંબા સમયથી ચાર્જમાં ચાલતી ૧૭ દુકાનો અંગે કલેક્ટરનો મહત્ત્વનો નિર્ણય

બિનવારસી કે ચાર્જવાળી ૧૦ દુકાનોનું વિલીનીકરણ અને ૫ નવી બ્રાંચ ફાળવાઈ



રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના રાશન કાર્ડ ધારકોને વ્યાજબી ભાવની દુકાનો પરથી સરળતાથી અને પારદર્શક રીતે રાશન સામગ્રી મળી રહે તે હેતુસર આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશની અધ્યક્ષતામાં મળેલી જિલ્લા પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં નાગરિકોની સુવિધા અને પૂરવઠા તંત્રની કાર્યક્ષમતા વધારવા માટે અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠક અંગેની વધુ માહિતી આપતા જિલ્લા પૂરવઠા અધિકારી અજય ઝાપડાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા સમયથી વિવિધ કારણોસર ચાર્જમાં ચાલતી કુલ ૧૭ સસ્તા અનાજની દુકાનો પ્રશ્ને આજના તબક્કે આખરી નિર્ણય લેવાયો છે. શહેર વિસ્તારમાં ઝોન ૧, ૩ અને ૪ અંતર્ગત આવતી આવી ૧૦ દુકાનોને નજીકના વિસ્તારની સક્રિય વ્યાજબી ભાવની દુકાનો સાથે મર્જ (વિલીનીકરણ) કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં લોધીકા, ઉપલેટા, ધોરાજી અને જામકંડોરણા પંથકની ૭ દુકાનો પૈકી ૫ દુકાનોને નવી બ્રાંચ ફાળવવામાં આવી છે અને બાકીની ૨ દુકાનોને નજીકની દુકાનો સાથે મર્જ કરવાની મંજૂરી અપાઈ છે. આ નિર્ણયથી કાર્ડ ધારકોને નજીકના સ્થળેથી જ સરળતાથી રાશન ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત, આગામી દિવાળીના પ્રકાશ પર્વને ધ્યાનમાં રાખીને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર રાજુ જુંજા દ્વારા બેઠકમાં ખાસ રજૂઆત કરવામાં આવી હતી કે તહેવારો પૂર્વે જ તમામ રાશન કાર્ડ ધારકોને ખાંડ, તેલ અને અન્ય આવશ્યક ખાદ્ય સામગ્રી વહેલી તકે મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. આ રજૂઆતને ગંભીરતાથી લેતા કલેક્ટર ડો. ઓમપ્રકાશ જણાવ્યુ હતું કે, કોઈપણ રાશન કાર્ડ ધારકને મુશ્કેલી કે ફરિયાદ ન રહે તે રીતે પૂરવઠા વિભાગ દ્વારા અગાઉથી જ તમામ આગોતરું આયોજન હાથ ધરી લેવાયું છે.

બેઠક દરમિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પીપળીયાએ રોજીરોટી અર્થે બહારથી આવતા પરપ્રાંતિય મજૂરોના હિતમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, મજૂરો પાસે ઉપલબ્ધ હોય તેટલા જ આધાર-પુરાવાના આધારે તેમને રાશન આપવામાં આવે. જેના જવાબમાં પૂરવઠા અધિકારી અજય ઝાપડાએ ખાતરી આપતા કહ્યું હતું કે, જિલ્લાની તમામ સસ્તા અનાજની દુકાનોના ધારકોને આ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવશે, જેથી બહારથી આવેલા કોઈપણ ગરીબ કે શ્રમિક પરિવારને અનાજ મેળવવામાં કોઈ પણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે. વધુમાં, પૂરવઠા અધિકારીએ માહિતી આપી હતી કે સમગ્ર જિલ્લામાં 'સુભ' (SUBH) સંબંધિત કામગીરી હાલ ૯૮ ટકા જેટલી પૂર્ણ થઈ ચૂકી છે.

આ જ બેઠકમાં સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે કલેક્ટર, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ ચેમ્બરના પ્રતિનિધિ રાજુ જુંજા દ્વારા જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ બાળ કલ્યાણ માટે શેડના નિર્માણ અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. શાળાના બાળકોને યોગ્ય સુવિધા મળી રહે તે માટે સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારો અને સંગઠનોને આગળ આવી સહયોગ આપવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાનો માસ્ટર સ્ટ્રોક

અખાદ્ય-ભેળસેળયુક્ત ખોરાક વેચનારાઓ સામે કડક કાર્યવાહી

રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલાયો : રજૂ કરાયા ૧૨ મહત્વના સૂચનો

રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અખાદ્ય અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપાઈ રહ્યો છે, ત્યારે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા તત્વો સામે મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. શહેરીજનોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મનપાના જનરલ બોર્ડમાં એક અત્યંત મહત્વનો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત અખાદ્ય ખોરાક વેચતા વેપારીઓ સામે આકરી કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારને સત્તાવાર દરખાસ્ત મોકલી આપવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ મામલે અંદાજે ૧૨ જેટલા મહત્વના અને સખત સૂચનો તૈયાર કરવામાં આવ્યા છે. જનરલ બોર્ડમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને આ સૂચનો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરાયા છે. આ પ્રસ્તાવ મુજબ, જો કોઈ વેપારી અખાદ્ય કે ભેળસેળયુક્ત વસ્તુઓ વેચતા પકડાય, તો તેની સામે ક્રમશઃ વધુ કડક પગલાં લેવાની જોગવાઈ કરવામાં આવી છે.

નવા સૂચનો અનુસાર, જો કોઈ વેપારી બીજી વખત ભેળસેળ કે અખાદ્ય સામગ્રી સાથે પકડાય, તો તેના દંડની રકમમાં નોંધપાત્ર વધારો કરવામાં આવે અને ત્યારબાદ પણ જો પુનરાવર્તન થાય તો તેનાથી પણ વધુ આકરો દંડ ફટકારવામાં આવે. આટલું જ નહીં, પરંતુ ગંભીર કિસ્સાઓમાં માત્ર દંડ વસૂલવાને બદલે સીધી ફોજદારી કાર્યવાહી કરવાનું પણ સૂચન કરાયું છે. નિયમોનું સતત ઉલ્લંઘન કરનાર વેપારીનો બિઝનેસ પરવાનો (લાઇસન્સ) સ્થગિત કરવા, તેમની પેઢી કે દુકાન સીલ કરવા અને જો ત્રણ વખતથી વધુ ગુનો સાબિત થાય તો તે પેઢી પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂકવા સુધીના પગલાં લેવા માટે દરખાસ્તમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.



આ ઉપરાંત, મનપાની ફૂડ શાખા દ્વારા બજારમાંથી લેવામાં આવતા ખાદ્ય પદાર્થોના સેમ્પલના રિપોર્ટ્સ લાંબા સમય સુધી પેન્ડિંગ રહેવાને બદલે માત્ર ૧૪ દિવસની અંદર જ મળી રહે તેવું સુવ્યવસ્થિત આયોજન કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે, જેથી સમયસર દોષિતો સામે કાયદાકીય કાર્યવાહી કરી શકાય. રાજકોટમાંથી અવારનવાર પકડાતા બગડેલા અને અખાદ્ય જથ્થાને કારણે પ્રજાના સ્વાસ્થ્ય સામે ઊભત થયેલા જોખમને ડામવા માટે મનપાના આ સખત પગલાંથી ભેળસેળિયા તત્વો અને વેપારીઓમાં મોટો ફફડાટ ફેલાઈ ગયો છે. હવે આ મામલે રાજ્ય સરકાર દ્વારા શું સત્તાવાર નિર્ણયો લેવામાં આવે છે અને કયા કાયદાકીય ફેરફારો કરવામાં આવે છે તેના પર સમગ્ર શહેરીજનોની નજર ટકેલી છે.

પ્રસ્તાવની મુખ્ય ખાસિયતો

- વારંવાર ગુનો કરનારને ભારે દંડઃ એક જ વેપારી બીજી કે ત્રીજી વખત પકડાય તો દંડની રકમમાં નોંધપાત્ર વધારો કરવો.
- પરવાનો સ્થગિત અને પેઢી સીલઃ નિયમોનું પુનરાવર્તન કરનાર વેપારીનું લાયસન્સ રદ/સ્થગિત કરી પેઢી સીલ કરવી.
- કાયમી પ્રતિબંધઃ ત્રણ વખતથી વધુ ગુનો સાબિત થાય તો પેઢી પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂકવો.
- ફોજદારી કાર્યવાહીઃ પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ગંભીર કિસ્સાઓમાં સીધી ફોજદારી કાર્યવાહી કરવી.
- ૧૪ દિવસમાં રિપોર્ટઃ ફૂડ શાખા દ્વારા લેવાયેલા નમૂનાનો રિપોર્ટ ૧૪ દિવસમાં મળી રહે તેવું આયોજન કરવું.

રાજકોટના વિકાસપુરૂષની સ્મૃતિ અમર

કટારિયા ચોકડી થ્રી-લેયર બ્રિજ હવે 'સ્વ. વિજયભાઈ રૂપાણી આઇકોનિક બ્રીજ'

મનપાની સામાન્ય સભામાં સર્વાનુમતે ઐતિહાસિક નિર્ણયઃ પૂર્વ મુખ્યમંત્રીના યોગદાનને આપી ભાવાંજલિ



રાજકોટ, તા. ૧૭

રાજકોટના વિકાસમાં સીમાચિહ્ન રૂપ યોગદાન આપનાર અને ગુજરાતના યશસ્વી પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના નામ સાથે રાજકોટના વિકાસના વધુ એક પ્રકરણનું નામકરણ જોડવામાં આવ્યું છે. કાલાવડ રોડ પર આવેલા કટારિયા ચોકડી ખાતે નિર્માણાધીન અત્યાધુનિક થ્રી-લેયર આઇકોનિક બ્રિજનું નામ હવે 'સ્વ. વિજયભાઈ રૂપાણી થ્રી લેયર આઇકોનિક બ્રીજ' રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં આ અંગેની અરજન્ટ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા દ્વારા શાસક પક્ષના નેતા ડો. હિરેન ખીમાણીયાના ટેકાથી રજૂ કરવામાં આવી હતી, જેને ગૃહ દ્વારા એકસૂરે અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજકોટના રાજકારણમાં અને નાગરિકોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે.

રાજકોટના મેયર પદથી લઈને ગુજરાતના મુખ્યમંત્રી પદ સુધીની ગરિમાપૂર્ણ સફર ખેડનાર સ્વ. વિજયભાઈ રૂપાણીએ પોતાના કાર્યકાળ દરમિયાન રાજકોટ તેમજ સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસ માટે અદ્ભુત કાર્યો કર્યા છે. તેમનું અચાનક વિદાય લેવું રાજકોટ, ભાજપ અને ખાસ કરીને રાજકોટ મહાનગરપાલિકા માટે એક કાયમી અને ક્યારેય ન પુરી શકાય તેવી માર્ગદર્શકની ખોટ સાબિત થઈ છે.

આ જ ખોટ અને તેમની સ્મૃતિને કાયમ માટે જનમાનસમાં જીવંત રાખવા માટે મનપાએ આ નિર્ણય લીધો છે. આગામી વર્ષના અંત સુધીમાં સંભવતઃ બનીને તૈયાર થઈ જનારો આ કટારિયા ચોકડીનો થ્રી-લેયર આઇકોનિક બ્રિજ હવે માત્ર એક અવરજવરનો માર્ગ નહીં, પરંતુ સ્વ. વિજયભાઈ રૂપાણીના લોકઉપયોગી કાર્યો અને તેમની સ્મૃતિનું અદભુત પ્રતીક બની રહેશે.

